

સાધુ સુંદર સિંગ

# આત્મિક સંસાર

6BGA2

# આત્મિક સંસાર

લેખક

**સાધુ સુંદર સિંગ**

અનુવાદક

**ડૉ. હેમીલ્ટન સત્વેદી**

ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ

[ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટી ]

સાહિત્ય સેવાસદન

THE SPIRITUAL WORLD
Originally Published by
Christian Literature Society
Madras-3

# આત્મિક સંસાર

પ્રથમ આવૃત્તિ : માર્ચ, ૧૯૮૦
નકલ ૨,૦૦૦
મૂલ્ય રૂ. ૨-૦૦

પ્રકાશક
ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ – અમદાવાદ. ૩૮૦ ૦૦૬

●

મુદ્રક
રાકેશ કાંતિલાલ દેસાઈ
ચંદ્રિકા પ્રિન્ટરી,

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| આમુખ | | ... | iv |
| મૂળ પ્રસ્તાવના | ધી રાઇટ રેવ. એચ. બી. ડુરેન્ટ | ... | v |
| પ્રસ્તાવના | સાધુ સુંદર સિંગ | ... | ix |
| પરિચય | ધી રાઇટ રેવ. એ. જે. અપ્પાસ્વામી | ... | xiii |
| ૧. જીવન અને મૃત્યુ | | ... | ૧ |
| ૨. મૃત્યુ સમયે શું બને છે? | | ... | ૩ |
| ૩. આત્માઓની સૃષ્ટિ | | ... | ૭ |
| ૪. મનુષ્યની સહાયતા તથા શિક્ષણ [વર્તમાન સમયમાં અને મૃત્યુ બાદ] | | ... | ૧૪ |
| ૫. પાપીઓનો ન્યાય | | ... | ૧૯ |
| ૬. ન્યાયીઓની સ્થિતિ અને તેઓનો મહિમાવંત અંત | | ... | ૩૦ |
| ૭. સૃષ્ટિ-રચનાનો હેતુ અને ધ્યેય | | ... | ૩૯ |

# આમુખ

સંત સાધુ સુંદર સિંગની પુસ્તિકાઓમાંથી એક વધુ પુસ્તિકાનો અનુવાદ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટી દ્વારા બહાર પાડતાં આનંદ અનુભવીએ છીએ. **સત્યની શોધ** પુસ્તિકામાં જણાવ્યા પ્રમાણે સાધુજીએ લખેલ કુલ આઠ પુસ્તિકાઓમાંથી કેવળ ત્રણ પુસ્તિકાઓ જ ગુજરાતીમાં બહાર પડી હતી, અને આથી બાકીની તમામ પુસ્તિકાઓનો શક્ય તેટલી ઝડપથી અનુવાદ બહાર પાડવાનું ટ્રાક્ટ સોસાયટીએ નક્કી કર્યું છે. આ પુસ્તિકાઓનું ગુજરાતી ભાષામાં ભાષાંતર પ્રસિદ્ધ કરવા માટે મદ્રાસની ક્રિશ્ચિયન લિટરેચર સોસાયટી (C.L.S.) એ આપેલી પરવાનગી માટે આભાર માનીએ છીએ.

આ પુસ્તિકાનું મૂળ મથાળું "આત્મિક સંસારનાં દર્શનો" હતું, પરંતુ તે ટૂંકાવીને પ્રકાશકોએ તે ફક્ત "આત્મિક સંસાર" રાખ્યું છે. સાધુજીને પોતાના જીવનકાળ દરમ્યાન જે આત્મિક દર્શનો થયાં, અને જેની મારફતે તેઓને મરણ પછી ભલા-ભૂંડા આત્માઓની શી ગતિ થશે, અને તેઓની નજર સમક્ષ સ્વર્ગ ખુલ્લું મૂકીને ત્યાં કેવી વ્યવસ્થા છે, વગેરે જે સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યું છે, તે તમામ તેમણે સરળ છતાં રસિક રીતે આ પુસ્તિકામાં આલેખ્યું છે. આ ઉપરાંત દૂતો અને સંતો મારફતે તેઓના પ્રશ્નોના જે જવાબ મળ્યા તેનું વાચન પણ વાચકોને ઉત્તેજનદાયક બની રહેશે એમાં શક નથી.

ધી રાઇટ રેવ. એચ. બી. ડુરેન્ટે આ પુસ્તિકાની મૂળ પ્રસ્તાવના લખી છે, તે અને ધી રાઇટ રેવ. એ. જે. અપ્પાસ્વામીએ પુસ્તિકા અંગે કરાવેલો પરિચય વાચકોને ધ્યાનથી વાંચવા ભલામણ કરીએ છીએ. આ પુસ્તિકા સંપૂર્ણ વિશ્વાસ અને આત્મિક ભાવથી વાંચીશું, તો આપણા આત્મિક જીવનની વૃદ્ધિ માટે તે જરૂર આશીર્વાદરૂપ નીવડશે.

સાહિત્ય સેવાસદન
અમદાવાદ

—**હેમીલ્ટન સત્વેદી**
સેક્રેટરી, ગુ. ટ્રા. બૂ. સોસાયટી

## મૂળ પ્રસ્તાવના

### ધી રાઇટ રેવ. એચ. બી. ડ્યુરેન્ટ
(લાહોરના ભૂતપૂર્વ બિશપ)

મારા મિત્ર સાધુ સુંદર સિંગની તેમનાં દર્શનોની નાની પુસ્તિકાના પ્રકાશનની ટૂંકી પ્રસ્તાવના લખવાની મને તક સાંપડી, તેને મારું એક સદ્‌ભાગ્ય સમજું છું. કારણ કે મને આશા તથા વિશ્વાસ છે કે, વાસ્તવિકતાની શોધ માટે સંઘર્ષ કરતા હોય તેવા ઘણા આત્માઓને તેમાંથી સહાયતા મળશે. હું ઇચ્છા રાખું છું કે, આ પુસ્તિકા વાંચનાર તમામને જે પ્રમાણે આ ડાયોસિસના અમ લોકોને તથા ઘણા લંડનવાસીઓને સાધુ સુંદર સિંગને વ્યક્તિગત રીતે ઓળખવાની તક મળી, તેવી તક મળી શકે. સાધુ સુંદર સિંગ સાથે વાતચીત કર્યા બાદ, મગજ ઉપર વિવેકશીલતા અને સરળતાની જે છાપ પડે છે, તેનાથી આ પુસ્તિકામાંનો સંદેશ વિશેષ શક્તિશાળી બને છે.

હું ધારું છું કે, કેટલાક જેઓ આ પુસ્તિકા વાંચશે, તેઓને આ પ્રશ્ન પૂછવાનું અનિવાર્ય બનશે: આ આત્મિક અનુભવોનું પ્રાકૃતિક મહત્ત્વ શું છે? દાખલા તરીકે, તેમાં અર્ધચેતન શું ભાગ ભજવે છે? આ દર્શનોમાં જે જોવામાં આવ્યું તે વસ્તુલક્ષી વાસ્તવિકતા હતી?

મારી પાસે એવું કોઈ તત્ત્વજ્ઞાન નથી જે મને આ પ્રશ્નોના જવાબ આપવામાં સહાયતા કરે; અને જો આવું જ્ઞાન મારામાં હોત, તોપણ મને ખાતરી નથી કે, આ પ્રશ્નોમાં તેનો ઉપયોગ લાભદાયક બન્યો હોત. સંત પાઉલે પોતાના ઊંડા આત્મિક અનુભવોનો પૂર્ણ ખુલાસો ન કરવામાં સંતોષ માન્યો. "હું કહી શકતો નથી કે દેહમાં અથવા દેહ બહાર, પરંતુ પરમેશ્વર એકલો જ જાણે છે" કે, મારા મગજનો સરળ દૃષ્ટિકોણ તે જ સત્ય દૃષ્ટિકોણ છે. ઉનાળાના એક રવિવારની સાંજે સિમલામાં આ પુસ્તિકાનો હસ્તલેખ મેં વાંચ્યો, અને ત્યાર બાદ જ્યારે મારા ઉપર પડેલી છાપનું પૃથક્કરણ કરવાનો પ્રયાસ કર્યો,

ત્યારે મને અનુભવ થયો કે, થોડી વાર માટે સામાન્ય અને વાસ્તવિક દીવાલો વચ્ચે જે પડદો રહેલો છે, તે ઊંચકી લેવામાં આવ્યો છે, અને ઈસુ ખ્રિસ્તના વફાદાર સેવક દ્વારા મને તમામ વસ્તુઓને તેના વાસ્તવિક રૂપમાં જોવાની તક મળી. હું જાણતો નથી, પરંતુ એમ માનવા હું પ્રેરાઉં છું કે, મારા મિત્ર સાધુ સુંદર સિંગ પણ આ દર્શનોને તેના બિલકુલ સરળ રૂપમાં જ પ્રગટ કરવાનું પસંદ કરશે. એ હસ્તલેખમાં મેં જે કંઈ વાંચ્યું તે ઉપર જ્યારે સમસ્ત ધ્યાન કેન્દ્રિત કર્યું, ત્યારે મારા સચેતન મગજની ચેતનાની સીમા ઉપર પવિત્ર શાસ્ત્રનો એક ફકરો અંકિત થયો, જે કેટલેક અંશે એવા જ અનુભવોના જેવો સમાન્તર અનુભવ હતો.

આવનાર દેવના રાજ્ય સંબંધીના વિરોધાભાસી અભિપ્રાયોમાં આપણા ધન્ય પ્રભુના અધિકારયુક્ત શબ્દો આ છે, જે કહે છે કે, એક રૂપમાં દેવનું રાજ્ય આવી ગયું છે. "અહીં કેટલાક એવા છે કે, જેઓ દેવના રાજ્યને મહિમા સહિત આવેલું જોશે નહિ ત્યાં સુધી ગુજરી જશે નહિ." સંત માથ્થી અને સંત માર્ક આ બન્ને સુવાર્તામાં પ્રભુ ઈસુના રૂપાંતરની વાત સાથે આ શબ્દો એટલી બધી દૃઢતાથી જોડી દેવામાં આવ્યા છે કે, મને જરા પણ સંદેહ નથી કે, એ શબ્દોનું અર્થઘટન એ સ્મરણીય ઘટના દ્વારા એ ત્રણ પસંદ કરેલા શિષ્યોના (જેમાંનો એક માર્કની સુવાર્તાનો લેખક ગણાય છે) જીવન-કાળમાં જ પરમેશ્વરનું રાજ્ય મહિમા સહિત આવશે તે રીતે કરવામાં આવ્યું. અદૃશ્ય દુનિયા વચ્ચેનો પડદો ઊંચકી લેવામાં આવ્યો જેથી બીજી દુનિયાની મહિમાયુક્ત પ્રતિભા, મનુષ્યની આંખોથી જોવામાં આવે, અને કાનથી સાંભળવામાં આવે, અને શરીરના પડદામાં થઈને પ્રભુ ઈસુના વાસ્તવિક મહિમાનો પ્રકાશ જોઈ શકે.

શું આ શક્ય નથી કે, આ પ્રકારનો અનુભવ આજે પણ પ્રભુના સેવકોને કેટલીક વાર આપવામાં આવે છે! હું વ્યકિતગત

રીતે માનું છું કે, આ દર્શનો મારફતે સાધુજીનો અનુભવ આ જ પ્રકારનો હતો. પ્રભુના બીજા સેવકોની માફક તેમને માટે પણ વાસ્તવિક દુનિયા વચ્ચેનો પડદો ઊંચકી લેવામાં આવ્યો હતો, જેથી તેઓએ એ સૃષ્ટિને અને આપણા પ્રભુને જેવાં છે તેવા જ રૂપમાં જોયાં.

આ પ્રકારના અનુભવો મારફતે જે સંદેશાઓ મળે છે, તેનું સન્માન કરવું જોઈએ, પરંતુ પરમેશ્વરનું જે પ્રકાશન પ્રભુ ઈસુ દ્વારા થયું છે તેના સંબંધમાં તેની કસોટી પણ કરવામાં આવે. આ જાતની 'કસોટીએ' આ સંદેશાઓને ચઢાવવાનો મેં મારો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે, અને હું એવા નિર્ણય ઉપર પહોંચ્યો છું કે, એ સંદેશ પરમેશ્વરના શ્રેષ્ઠ ચરિત્ર તથા પ્રકટીકરણને અનુરૂપ છે, જે પ્રભુ ઈસુના જીવન અને શિક્ષણ દ્વારા પ્રગટ કરવામાં આવ્યાં છે. આથી હું આ સંદેશાઓનો આભાર સહિત સ્વીકાર કરું છું, અને મારો વિશ્વાસ છે કે, આ સંદેશાઓ, પરમેશ્વર તેના લોકો સાથે હજુ પણ વાત કરે છે તેની સાબિતી છે. મારી પ્રાર્થના છે કે, આ નાની પુસ્તિકા અનેક લોકોની આંખ ઉઘાડે જેથી તેઓ આપણી આસપાસના 'વાસ્તવિક સંસાર'ને જોઈ શકે, જે તરફ આપણી આંખો વારંવાર બંધ રહે છે; કારણ કે 'પરમેશ્વર આપણા શ્વાસ કરતાં પણ નજદીક, અને આપણા હાથ-પગ કરતાં પણ નિકટ છે.'

સિમલા
૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૨૬

# પ્રસ્તાવના

આ પુસ્તિકામાં પરમેશ્વર દ્વારા મને જે દર્શનો થયાં, તેમાંનાં કેટલાંક આલેખવાનો પ્રયાસ કર્યો છે. જો મેં મારું પોતાનું વલણ અપનાવ્યું હોત, તો આ દર્શનોનું પ્રકાશન મેં મારા જીવનકાળ દરમ્યાન ન કર્યું હોત. પરંતુ મારા અનેક મિત્રો જેઓના અભિપ્રાય માટે મને માન છે, તેઓએ આગ્રહ રાખ્યો કે, બીજાઓની આત્મિક સહાયતા માટે આ પ્રકાશનોનું કામ ઢીલમાં ન પડવું જોઈએ. આ મિત્રોના અનુરોધનો સ્વીકાર કરીને, હું આ પુસ્તિકા જનતા સમક્ષ રજૂ કરું છું.

ચૌદ વર્ષ પહેલાં, જ્યારે હું કોટગઢમાં પ્રાર્થના કરતો હતો, ત્યારે મારી આંખો સ્વર્ગીય દર્શન પામવાને માટે ખોલવામાં આવી. એટલી સ્પષ્ટ રીતે એ દર્શન મને થયું કે, મને લાગ્યું કે, હું મૃત્યુ પામ્યો છું, અને મારો આત્મા આકાશી મહિમામાં પ્રવેશ્યો છે. પરંતુ ત્યાર બાદ તમામ વીતેલાં વર્ષોમાં એ દર્શને મારા જીવનને સમૃદ્ધ બનાવવાનું ચાલુ રાખ્યું છે. હું મારી ઇચ્છા પ્રમાણે દર્શન પામી શકતો નથી, પરંતુ સામાન્ય રીતે જ્યારે હું પ્રાર્થના કરતો યા મનનમાં હોઉં, ત્યારે કેટલીક વાર મહિનામાં આઠથી દશ વાર મારી આત્મિક આંખો સ્વર્ગીય દર્શન માટે એક બે કલાક માટે ઉઘાડવામાં આવે છે, અને હું પ્રભુ ઈસુ સાથે સ્વર્ગીય મહિમાયુક્ત વાતાવરણમાં ફરું છું, અને દૂતો અને આત્માઓ સાથે વાત કરું છું. મારા પ્રશ્નોના તેઓ તરફથી મળેલા જવાબોમાંથી મારાં પ્રકાશન પામેલાં પુસ્તકો માટે ઘણી સામગ્રી મળી છે. આ આત્મિક સંગતમાંથી મળતો અવર્ણનીય આનંદ મારામાં તે સમયની ઝંખના ઉત્પન્ન કરે છે, જ્યારે હું કાયમને માટે ઉદ્ધાર પામેલા લોકોની સંગત અને આનંદમાં જોડાઉં.

કેટલાકને એમ લાગશે કે, આ દર્શન કેવળ અધ્યાત્મવાદ છે, પરંતુ હું તે સ્પષ્ટ કરવા માંગું છું કે, મારાં દર્શનો અને અધ્યાત્મવાદમાં એક મોટો આવશ્યક તફાવત છે. અધ્યાત્મવાદ અંધકારમાંથી આત્માઓના સંદેશા અથવા ચિહ્નો મેળવવાના પ્રયાસ કરતા દેખાય છે, પરંતુ સામાન્ય રીતે તેઓ એવા ખંડિત, અને ભ્રામક નહિ તો અસ્પષ્ટ હોય છે કે, તેના અનુયાયીઓને સત્યની પાસે લાવવાને બદલે સત્યથી દૂર લઈ જાય છે. બીજી બાજુ, મારાં દર્શનોમાં આત્મિક સૃષ્ટિના મહિમાની દરેક વિગત હું આબેહૂબ અને સ્પષ્ટ રીતે જોઈ શકું છું, અને આત્મિક સૃષ્ટિ જેનું દર્શન પામું છું, તેના અકલ્પનીય તેવા પ્રકાશિત અને સુંદર વાતાવરણમાં સંતો સાથેની ખરી સંગત સુધી પહોંચવાનો અનુભવ પ્રાપ્ત કરું છું. આ દૂતો અને સંતો પાસેથી, અદૃશ્ય સૃષ્ટિમાંથી ખંડિત, અસ્પષ્ટ અને નિષ્ફળ નહિ, પરંતુ મારા ઘણા પ્રશ્નો જેણે મને મુશ્કેલીમાં મૂક્યો છે, તેના સ્પષ્ટ અને વિવેકશીલ ઉકેલો પ્રાપ્ત કરું છું.

સંતો સાથેની આ સંગત શરૂઆતની મંડળીના અનુભવોમાં એક સત્ય હકીકત હતી, અને આથી જ પ્રેરિતોના વિશ્વાસનામાની કલમોમાં તેને સ્થાન મળ્યું છે. એક વાર સંતો પાસેથી, મારા દર્શન દરમ્યાન, સંતો સાથેની આ સંગતની સાબિતી મેં બાઇબલના આધારે માંગી. આના જવાબમાં મને કહેવામાં આવ્યું કે, એ સાબિતી સ્પષ્ટ રીતે ઝખાર્યાહ ૩ : ૭–૮ કલમોમાં આપવામાં આવી છે જ્યાં "પાસે ઊભેલાઓ," દૂતો કે માંસ અને લોહીવાળા 'મનુષ્યો' ન હતા, પરંતુ મહિમાવંત સંતો હતા, અને તેની આજ્ઞાનું પાલન કરનાર માટે દેવનું વચન છે કે 'જે પાસે ઊભેલા (સંતો) છે તેઓ મધ્યે જવા આવવાની છૂટ આપવામાં આવશે,' અને તેઓ 'પરમેશ્વરના લોક' છે — મનુષ્યોના આત્માઓ જે પૂર્ણ બનાવવામાં આવ્યા છે, અને જે તેની સંગતમાં રહે છે.

આ પુસ્તિકામાં વારંવાર આત્મા, સંતો અને દૂતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમની વચ્ચે જે તફાવત છે તે આ કે, આત્મા, સારા અને દુષ્ટ બન્ને પ્રકારના છે, જે મૃત્યુ બાદ આકાશ અને પૃથ્વીની વચ્ચે વાસો કરે છે. સંતો આ છે, જેઓ આ વચલું સ્થાન પસાર કરીને આત્મિક સૃષ્ટિના આગળના સ્થાને પહોંચ્યા છે, અને જેઓને ખાસ કામગીરી સોંપવામાં આવી છે. દૂતો મહિમાવંત છે, જેઓને દરેક પ્રકારની ઉચ્ચ આત્મિક સેવાઓ સોંપવામાં આવી છે, અને તેમાં બીજી દુનિયામાં અને આ દુનિયાના સંતોનો સમાવેશ થાય છે; જેઓ એક કુટુંબ તરીકે જીવે છે, તેઓ એકબીજાની સેવા કરે છે, અને પરમેશ્વરના દેદીપ્યમાન મહિમામાં અનંતકાળ સુધી પ્રસન્ન રહે છે.

**આત્માઓની સૃષ્ટિનો** અર્થ, તે વચગાળાનું સ્થાન, જ્યાં દેહ છોડયા પછી આત્માઓ વસે છે. **આત્મિક સૃષ્ટિનો** અર્થ, તમામ આત્મિક જીવો જે તળિયા વગરના ખાડાના અંધકારમાંથી બહાર નીકળી પરમેશ્વરના પ્રકાશ અને સિંહાસન તરફ આગળ વધે છે.

ન્યૂઝીલેન્ડ પ્રેસ્બિટેરિયન મિશન, ખરડ – પંજાબના રેવ. ટી. ઈ. રીડલનો ખાસ આભાર વ્યક્ત કરું છું, જેઓ સબાટૂ સુધી આવ્યા અને આ પુસ્તિકાનો ઉર્દૂમાંથી અંગ્રેજીમાં અનુવાદ કર્યો. આ પુસ્તિકાનું પ્રૂફ વાંચીને સુધારવા માટે કોવેન્ટ્રીનાં મિસ ઈ. સેન્ડર્સનો પણ આભારી છું.

સબાટૂ–સિમલા
જુલાઈ, ૧૯૨૬

—**સુંદર સિંગ**

# પરિચય

**ધી રાઇટ રેવ. એ. જે. અપ્પાસ્વામી** ડી. ફિલ., ડી. ડી.
(કોઈમ્બટૂરના ભૂતપૂર્વ બિશપ)

મરણ પછી શું? ન્યાયીઓ કેવા પ્રકારનો આનંદ ભોગવે છે? દુષ્ટોને કેવા પ્રકારની શિક્ષા કરવામાં આવે છે? ઈશ્વર જે પ્રેમ છે તે દુષ્ટો સાથેના વ્યવહારમાં, પ્રેમ અને ન્યાયની માંગ કેવી રીતે પૂરી કરે છે? આ પૃથ્વીનું આપણું ટૂંક આયુષ્ય ભવિષ્યના જીવન માટે સંપૂર્ણ રીતે ચોકસાઈ કરી શકે? આવા અને ભવિષ્યના જીવન વિષેના બીજા પ્રશ્નોના ઉત્તરો, **આત્મિક સંસાર** નામની આ પુસ્તિકામાં આપવાનો સાધુ સુંદર સિંગે પ્રયાસ કર્યો છે.

સાધુ સુંદર સિંગ જ્યારે કોઈ બાબતે વ્યગ્ર બનતા હતા, ત્યારે પ્રાર્થના દ્વારા એ વિષયમાં પ્રકાશ પમાડવાની ઈશ્વરને વિનંતી કરતા હતા. જે જવાબ મળતો તેથી તેમને સંતોષ થતો, અને દિલાસો પામતા. ભવિષ્યના જીવન વિષે તેઓને જે વિચારો પ્રાપ્ત થયા તે આ નાની પુસ્તિકા દ્વારા આપણને જણાવ્યા છે. "સુંદર સિંગનું જીવનવૃત્તાંત" એ નામના મારા પુસ્તકમાં સુંદર સિંગને જે દર્શનો થયાં તેનું વિસ્તારથી વર્ણન વાચકોને જોવા મળશે. ("પ્રાર્થનાવાદી મનુષ્ય" — પ્રકરણ ૧૨ અને "આત્મિક સંસારનાં દર્શનો"—પ્રકરણ ૧૬ વાંચશો).

ઘણા લોકોને ભવિષ્યના જીવન માટે અનિશ્ચિતતા અને સંદેહ દેખાય છે. બીજા ઘણાઓને સ્વર્ગ એક સુખનું સ્થાન દેખાય, પણ તે ઘણે દૂર છે, જ્યારે વર્તમાનકાળમાં વધુ પ્રલોભનો છે. પરંતુ સુંદર સિંગ માટે સ્વર્ગ વાસ્તવિક અને સ્પષ્ટ હતું. પ્રેમી પરમેશ્વર ઉપરનો તેમનો ઉજ્જવળ વિશ્વાસ, ભવિષ્ય તરફના તેમના દૃષ્ટિકોણને સૂર્ય સમાન પ્રકાશિત રાખતો હતો. તેમને મૃત્યુનો ભય ન હતો.

તેઓ મરણને પરમેશ્વરની પ્રકાશવાન હાજરીમાં પ્રવેશ કરવાનું પ્રવેશદ્વાર સમજતા હતા. પૃથ્વી ઉપરના આ જીવનમાં પણ સુંદર સિંગ વાસ્તવિકતા અને ઈશ્વરની સાથેની સંગતનો આનંદ અનુભવતા હતા. ભવિષ્યના જીવનના વિચારોએ તેમનામાં અસ્તિત્વની એવી સ્થિતિનાં દર્શનો ઉત્તેજિત કર્યાં જેમાં શારીરિક મર્યાદાઓ જે વિષે આ દુનિયામાં આપણે પરિચિત છીએ, તેના અવરોધ વગર ઈશ્વર સાથેની સંગત અનંતકાળ સુધી ચાલુ રહે. આ પુસ્તિકા વાંચવી એટલે પર્વત ઉપરથી શુદ્ધ હવા, જે આપણને પ્રસન્નતા અને સ્વાસ્થ્ય પમાડે છે, તે શ્વાસમાં લેવી, અને જેથી આપણી ચેતનાઓમાંથી સંસારી થકાવટ દૂર થાય છે.

આ પુસ્તિકામાં મનુષ્યના મૃત્યુ બાદની પ્રગતિ ઉપર જે વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, તે ખાસ ધ્યાન ખેંચે છે. આપણામાંના મોટા ભાગના એવું માને છે કે, પૃથ્વી ઉપરના જીવનના અંત સાથે તમામ વિકાસ અટકી જાય છે. પરંતુ સુંદર સિંગે વારંવાર ભાર દઈને આ બાબતને હકારાત્મક મહત્ત્વ આપ્યું છે કે, મૃત્યુ પછીનો વિકાસ અનંત છે. આ ચાલુ વિકાસના દર્શન ઉપર પૃથ્વી ઉપર જન્મ લઈને, ફરીથી જીવન અને મરણના ચક્રની છાયાનો ભય નથી. (જેવી રીતે હિંદુઓમાં પુનર્જન્મનો સિદ્ધાંત છે) પરંતુ તે તો સહાયક આત્મિક પરિસ્થિતિ દ્વારા પ્રાપ્ત થતો સ્થિર વિકાસ છે. આ ચાલુ વિકાસ ઉપર મુકાતો ભાર મહત્ત્વનો છે. તેમના જ શબ્દોમાં હું એ પ્રગતિ વર્ણવું છું. "આત્માઓની દુનિયા છે, અને મરણ બાદ આત્મા શરીર છોડે છે, ત્યાર બાદ તે આ કામચલાઉ સ્થાનમાં નિવાસ કરે છે; આ એક વચગાળાની સ્થિતિ છે જે ઉચ્ચ મહિમાયુક્ત અને પ્રકાશવાન સ્વર્ગ અને ઝાંખા અને અંધકારપૂર્ણ નર્કની વચ્ચે આવેલી છે. તે મધ્યવર્તી સ્થાનમાં અસ્તિત્વ માટે અગણિત જગ્યાઓ છે, અને આત્માને તે જગ્યાએ દોરી જવાય છે, જેને માટે પૃથ્વી ઉપરની પ્રગતિએ તેને લાયક ગણ્યો હોય. ત્યાં એ કાર્ય માટે મુકરર

કરેલા દૂતો તેને થોડો સમય સૂચના આપે છે. આ સમયગાળો લાંબો કે ટૂંકો પણ હોય, ત્યાર બાદ તે આત્માઓની સૃષ્ટિમાં લઈ જવાય છે. ભલા આત્માઓ મોટા પ્રકાશમાં, અને ભૂંડા આત્માઓ વધારે અંધકારમાં જાય છે – આ આત્માઓ પોતાની પ્રકૃતિ અને સમાન વિચારોવાળા આત્મા પાસે જાય છે."

આપણે કેવી રીતે કહી શકીએ કે, આ સત્ય છે? કોઈપણ વિચારવંત મનુષ્યને આ પ્રશ્ન થાય. સુંદર સિંગે આ પ્રશ્નનો ઉત્તર એક વિશિષ્ટ ઉદાહરણ દ્વારા આપ્યો.

ઈ. સ. ૧૯૨૨માં સ્વીટ્ઝરલૅન્ડમાં એક ઉપદેશમાં તેમણે કહ્યું : "ઈંડામાં રહેલું મરઘીનું બચ્ચું જો એવી ઘોષણા કરે કે, ઈંડાની બહાર કોઈ વસ્તુનું અસ્તિત્વ નથી; અને એની માતા તેને કહે, "ના, બહારની દુનિયામાં પર્વત, ફૂલ અને ભૂરું આકાશ છે," અને બચ્ચું જવાબ આપે, "તું મૂર્ખ જેવી વાતો કરે છે, મને તો એવી કોઈ વસ્તુ દેખાતી નથી," અને પછી જો ઈંડાનું કોટલું અચાનક તૂટી જાય, તો બહાર નીકળેલું બચ્ચું કહેશે કે, માતાની વાત ખરી હતી. આપણા માટે પણ એવું જ છે. આપણે હજુ ઈંડાના કોટલામાં છીએ, અને આપણે સ્વર્ગ કે નર્ક જોઈ શકતા નથી. પરંતુ એક દિવસે કોટલું તૂટી જશે, અને પછી આપણે જોઈ શકીશું. આની સાથે સાથે ભવિષ્યની હાલત માટે સૂચનો પણ છે. આંખ જોવા માટે છે, પરંતુ જ્યારે પોતે કોટલામાં હોય, ત્યારે તે શું જોઈ શકે? પાંખો ઊડવા માટે છે, પરંતુ બચ્ચું જ્યારે કોટલામાં હોય ત્યારે કેવી રીતે ઊડી શકે? આ બાબત બિલકુલ સ્પષ્ટ છે કે, આંખો કે પાંખો ઈંડામાં રહીને મર્યાદિત અને અપંગ જીવન જીવવા માટે ઉત્પન્ન કરવામાં આવ્યાં નથી. આ જ પ્રમાણે આપણી અંદર ઘણી ઇચ્છાઓ અને લાલસાઓ હોય છે, જે અહીં સંતુષ્ટ થઈ શકતી નથી. તેઓની સંતુષ્ટિનો કોઈ ઉપાય હોવો જોઈએ, અને એ અવસર અનંતકાળ

છે. પરંતુ જ્યાં સુધી બચ્ચું ઈંડામાં છે, ત્યાં સુધી તેને ગરમ રાખવાની આવશ્યકતા છે. તે જ રીતે, જ્યાં સુધી આપણે આ સંસારમાં રહીએ છીએ, ત્યાં સુધી પવિત્ર આત્માના સેવન અને ગરમીની જરૂર પડે છે"

( *Par Christ et Pour Christ*, p. 120 )

આર્ચબિશપ ફીશરે (કેન્ટરબરીના ભૂતપૂર્વ આર્ચબિશપ) ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના 'ચર્ચ ટાઇમ્સ'માં લખ્યું, "મને એવો વિચાર આવતો નથી કે, મારો એક મિત્ર તેના મૃત્યુ બાદ શાંતિપૂર્ણ નિદ્રા ભોગવી રહ્યો છે. હું એવો વિશ્વાસ પણ કરી શકતો નથી કે, શબ્દો બતાવે છે તેમ, તે વ્યક્તિગત ગતિહીન સ્થિતિમાં પહોંચ્યો છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે, તે અધિક જીવન અને અધિક પ્રવૃત્તિમાં દાખલ થયો છે, જે આત્મિક જાગૃત્તિ અને વ્યવહારની એક ઉન્નત સ્થિતિ છે."

"સંત પાઉલે પણ આ જ રીતે સ્પષ્ટ વિચાર્યું હતું જ્યારે તેણે કહ્યું, 'મારા માટે જીવવું તે ખ્રિસ્ત, અને મરવું તે લાભ છે.' આપણા પ્રભુએ વધસ્તંભ ઉપરથી પસ્તાવો કરતા ચોર માટે બોલેલા શબ્દોમાં પણ આ જ વિચાર્યું હશે. શું આ નિશ્ચિત નથી કે, આ વાત એક રીતે દરેક મનુષ્ય, જે આ જીવન છોડીને બીજા જીવનમાં પ્રવેશ કરે છે, તેને માટે સાચી છે?" ★

# ૧

# જીવન અને મૃત્યુ

## જીવન

જીવનનું કેવળ એક જ ઉદ્દ્ગમસ્થાન છે — અનંત અને સર્વશક્તિમાન જીવન, જેની સર્જનાત્મક શક્તિએ તમામ સજીવોને જીવન બક્ષ્યું. દરેક પ્રાણી તેનામાં રહે છે, અને તેનામાં જ સદાકાળ રહેશે. આ જીવને ફરીથી જુદા જુદા પ્રકારના અસંખ્ય જીવો, જેઓનો ક્રમિક વિકાસ થાય છે, તેઓને ઉત્પન્ન કર્યા. મનુષ્ય, આ પૈકી એક પ્રાણી છે જેને ઈશ્વરે પોતાની પ્રતિમા પ્રમાણે બનાવ્યું જેથી તે તેની પવિત્ર હાજરીમાં સદા આનંદિત રહે.

## મૃત્યુ

આ જીવનમાં પરિવર્તન શક્ય છે, પરંતુ તેનો નાશ થઈ શકતો નથી. અસ્તિત્વના એક રૂપમાંથી બીજા રૂપમાં બદલાવું, તેને મરણ કહેવામાં આવે છે; પરંતુ તેનો આ અર્થ કદાપિ થતો નથી કે, મૃત્યુમાં જીવનનો અંત છે, અથવા તે જીવનમાં વધારો કરે છે, અથવા તેમાંથી કંઈ લઈ લે છે. મરણ ફક્ત જીવનને એક રૂપમાંથી બીજા રૂપમાં બદલે છે. જે વસ્તુ આપણી નજર સમક્ષથી અદશ્ય બને છે, તેનું અસ્તિત્વ અટકી જતું નથી; તે એક બીજા રૂપ અને સ્થિતિમાં ફરીથી પ્રગટ થાય છે.

## મનુષ્યનો કદી નાશ થતો નથી

આ સૃષ્ટિમાંની કોઈ વસ્તુનો કદી નાશ થયો નથી, કે થશે પણ નહિ; કારણ કે ઉત્પન્નકર્તાએ કદી કોઈ વસ્તુને વિનાશને માટે સૃજી

નથી. જો તેણે અમુક વસ્તુનો નાશ કરવા વિચાર્યું હોત, તો તેણે તે વસ્તુ ઉત્પન્ન જ ન કરી હોત. આમ જ્યારે સૃષ્ટિની કોઈ વસ્તુનો નાશ થતો નથી, ત્યારે મનુષ્ય જે પરમેશ્વરની સૃષ્ટિનો મુગટ અને તેની પ્રતિમા છે, તેનો નાશ કેવી રીતે થાય? શું પરમેશ્વર પોતે પોતાની પ્રતિમાનો નાશ કરી શકે, અથવા શું કોઈ બીજું પ્રાણી તે કરી શકે? જો મૃત્યુથી મનુષ્યનો નાશ થતો નથી, તો તરત એક પ્રશ્ન ઊઠે છે કે, મૃત્યુ બાદ મનુષ્ય ક્યાં અને કેવી સ્થિતિમાં હશે?

મારા દર્શનના અનુભવોથી હું આ માટે ટૂંકો ખુલાસો આપવાનો પ્રયત્ન કરીશ. આત્મિક દર્શનોમાં મેં જે કંઈ જોયું છે, તે તમામ બાબતોનું વર્ણન કરવું મારા માટે શક્ય નથી, કારણ કે આત્મિક વાસ્તવિકતા સમજાવવા માટે, આ પૃથ્વીની ભાષા અને દૃષ્ટાંતો પૂરતાં નથી; અને સાદી ભાષામાં તે વ્યક્ત કરવાનો પ્રયાસ કરવાથી આ દર્શનોનો મહિમા કદાચ ગેરસમજ પણ પેદા કરે. આ કારણથી મેં કેટલાંક ગૂઢ આત્મિક દર્શનો જે સમજાવવા આત્મિક ભાષાની જ જરૂર પડે છે, તે પડતાં મૂકીને કેવળ કેટલીક સરળ અને આદેશાત્મક ઘટનાઓનો ઉલ્લેખ કર્યો, જે બધાને લાભદાયક નીવડશે. હવે જ્યારે કોઈને કોઈ સમયે દરેકને આ અદૃશ્ય આત્મિક સૃષ્ટિમાં પ્રવેશવાનું થશે, ત્યારે એ સંબંધી અમુક અંશે પરિચિત થવું એ લાભદાયક સિદ્ધ થશે. ★

## ૨

# મૃત્યુ સમયે શું બને છે?

એક દિવસ જ્યારે હું એકાંતમાં પ્રાર્થના કરતો હતો, ત્યારે અચાનક મેં પોતાને ચારે તરફ આત્મિક આત્માઓથી ઘેરાયેલો જોયો, અથવા કદાચ એમ કહું કે, જ્યારે મારી આત્મિક આંખો ઉઘાડવામાં આવી, ત્યારે સંતો અને દૂતોના એક મોટા સમુદાય સમક્ષ મારી જાતને નમન કરતી જોઈ. પ્રથમ તો જ્યારે તેઓની પ્રકાશિત અને મહિમાયુક્ત સ્થિતિની સરખામણીમાં મારી ઊતરતી કક્ષાની હાલત જોઈ, ત્યારે હું શરમાયો. પરંતુ તેઓની સાચી સહાનુભૂતિ અને પ્રેમપ્રેરક મિત્રતાને કારણે હું તરત જ સ્વસ્થ બન્યો. મારા જીવનમાં પરમેશ્વરની હાજરીથી મને શાંતિનો અનુભવ થયો હતો, પરંતુ આ સંતોની સંગતે મારામાં એક નવો અને અજાયબ આનંદનો વધારો કર્યો. તેઓ સાથેની પરસ્પર ચર્ચાથી મને મારા જે પ્રશ્નો અને મૂંઝવતા કોયડાઓ હતા તેનો જવાબ મળ્યો. મારો પ્રથમ પ્રશ્ન આ હતો કે, મરણ સમયે શું બને છે, અને મરણ બાદ આત્માનું શું થાય છે? મેં કહ્યું, "આપણે જાણીએ છીએ કે, બાલ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થા વચ્ચે શું બને છે, પરંતુ મૃત્યુ સમયે અથવા મરણ બાદ શું બને છે, તે આપણે જાણતા નથી. આ અંગેની ખરી માહિતી મરણની પેલી બાજુએ જેઓ આત્મિક સંસારમાં દાખલ થયા, તેઓ પાસેથી જ મળી શકે." મેં પૂછ્યું, "શું તમે અમને આ વિષે કોઈ માહિતી આપી શકો?"

આ સાંભળીને સંતોમાંના એકે કહ્યું, "મરણ ઊંઘ સમાન છે, અને શારીરિક અને માનસિક રોગીઓ સિવાય બીજાઓને મૃત્યુ-

પ્રવેશથી કોઈ પીડા થતી નથી. એક થાકેલું મનુષ્ય તરત જ ગાઢ નિદ્રામાં પડી જાય છે તે જ પ્રમાણે મનુષ્યને મૃત્યુની ઊંઘ આવે છે. મૃત્યુ એટલી ઝડપથી થાય છે કે, મહામુશ્કેલીએ તેઓને ભાન થાય છે કે, તેઓએ ભૌતિક સૃષ્ટિનો ત્યાગ કરીને, આત્માની સૃષ્ટિમાં પ્રવેશ કર્યો છે. પોતાની આસપાસની ઘણી નવી અને સુંદર વસ્તુઓથી અચરત પામીને તેઓ કલ્પના કરે છે કે, તેઓએ અગાઉ ન જોયાં હોય એવાં ભૌતિક દુનિયાના દેશ કે શહેરની મુલાકાત લઈ રહ્યા છે. જ્યારે તેઓને સંપૂર્ણપણે શીખવવામાં આવે છે ત્યારે જ તેઓ જાણે છે કે, તેઓના ભૌતિક શરીર કરતાં આત્મિક શરીર તદ્દન જુદું છે, અને સ્વીકારે છે કે, વાસ્તવિક રીતે તે ભૌતિક સૃષ્ટિમાંથી આત્મિક સૃષ્ટિમાં આવી પહોંચ્યો છે."

બીજા એક સંત જે ત્યાં ઉપસ્થિત હતા તેમણે મારા પ્રશ્નોના જવાબમાં ઉમેરતાં કહ્યું, "સામાન્ય રીતે, મરણ સમયે ભૌતિક શરીર પોતાની અનુભવ કરવાની શક્તિ ધીમે ધીમે ગુમાવે છે. તેને પીડા થતી નથી, પરંતુ એક પ્રકારનુ ઘેન ચઢે છે. કેટલીક વાર વિશેષ અશક્તિમાં અથવા અકસ્માત બાદ આત્મા ઊડી જાય છે, જ્યારે શરીર હજુ બેભાન અવસ્થામાં હોય છે. પછી જે લોકોના આત્માઓ જેઓએ આત્માઓના સંસારમાં પ્રવેશવાની તૈયારી ન કરી હોય, અને જીવન ગમે તેમ સમજે-વિચારે પસાર કર્યું હોય, તેઓ જ્યારે અકસ્માતથી આત્માઓના સંસારમાં પ્રવેશે છે, ત્યારે તેઓ ઘણા વ્યાકુળ થાય છે, અને દુઃખની હાલત અનુભવે છે. આથી ઘણો સમય તેઓને મધ્યવર્તી સ્થિતિમાં અર્ધ અંધકારમાં રાખવામાં આવે છે. આ નીચલા થરના આત્માઓ સંસારના લોકોને વારંવાર ઘણા સતાવે છે. પરંતુ તેઓના જેવા સ્વભાવ અને પ્રકૃતિવાળાઓને જ તેઓ નુકસાન પહોંચાડી શકે છે જેઓ પોતાની સ્વતંત્ર ઇચ્છાથી તેઓને તેમના હૃદયમાં આવકારે છે. આ ભૂંડા આત્માઓ બીજા દુષ્ટ આત્માઓનો સાથ લઈને, પૃથ્વી ઉપર ઘણું નુકસાન પહોંચાડે, પરંતુ

પરમેશ્વરે અસંખ્ય દૂતોને પોતાના લોકો અને પોતાની સૃષ્ટિની રક્ષા કરવા નિયુક્ત કર્યા છે, જેથી તેના લોક દુષ્ટ આત્માઓનાં આક્રમણોથી સુરક્ષિત રહી શકે.

"દુષ્ટ આત્માઓ તે જ લોકોને ફક્ત નુકસાન પહોંચાડી શકે, જેઓ પ્રકૃતિમાં તેઓના જેવા છે. પરંતુ આ નુકસાન મર્યાદિત રૂપમાં જ કરી શકે. દુષ્ટ આત્માઓ ન્યાયીઓને પણ હાનિ પહોંચાડી શકે છે, પરંતુ પરમેશ્વરની રજા વગર આ થઈ શકતું નથી. પરમેશ્વર કેટલીક વાર શેતાન અને તેના સાગરીતોને તેના લોકોને લોભાવવાની અને સતાવણી કરવાની પરવાનગી આપે છે, જેથી તેઓ આ કસોટીમાંથી વધારે સારા અને દૃઢ બનીને બહાર આવે. તેના સેવક અયૂબને સતાવવાની આ જ રીતે શેતાનને છૂટ આપી હતી. પરંતુ આવી કસોટી મારફતે વિશ્વાસી માટે તો નુકસાન કરતાં લાભ વધુ છે."

મારા પ્રશ્નના જવાબમાં બીજા એક સંતે ઉમેર્યું, "ઘણા જેઓએ પોતાનું જીવન પ્રભુને સોંપ્યું નથી, તેઓ મરવા અગાઉ જાણે કે, બેભાન બને છે, પરંતુ ખરેખર તો આમ બને છે કે, જ્યારે તેઓ દુષ્ટ આત્માઓ જે તેઓની પાસે ઊભા છે તેઓના ભયાનક અને કુરૂપ ચહેરા જુએ છે, ત્યારે જાણે કે ભયથી તેઓની જીભ ચોંટી જાય છે, અને પક્ષાઘાત થઈ જાય છે. બીજી બાજુએ, વિશ્વાસ કરનારનું મોત તો ઘણી વાર આનાથી ઊલટી રીતે આવે છે. ઘણી વાર તે બહુ જ પ્રસન્ન દેખાય છે, કારણ કે તે દૂતો અને સંતોને તેને આવકાર આપવા આવતા દેખાય છે. પછી તેનાં પ્રિયજનો જેઓ તેની અગાઉ મૃત્યુ પામ્યાં છે, તેઓને તેની મૃત્યુશય્યા પાસે આવવાની છૂટ મળે છે, અને તેઓ તેનો આત્મા સ્વર્ગમાં દોરી જાય છે. આત્માઓની સૃષ્ટિમાં દાખલ થતાં જ તેને પોતાના ઘર જેવું લાગે છે. કારણ કે તેના મિત્રો તેની આસપાસ હોય છે. ઉપરાંત, બીજું કારણ આ કે, જ્યારે તે પૃથ્વી ઉપર હતો ત્યારે પરમેશ્વર ઉપરના

વિશ્વાસ અને તેની સાથેની સંગત દ્વારા તે એ સ્વર્ગીય ઘરની તૈયારી કરતો હતો."

આ પછી ચોથા સંતે કહ્યું, "પૃથ્વી ઉપરથી મનુષ્યોના આત્માઓને દોરી લાવવાનું કામ દૂતોનું છે. સામાન્ય રીતે આત્મિક દુનિયામાં દરેક આત્માની આત્મિક પ્રગતિની સ્થિતિ પ્રમાણે મહિમાની જુદી જુદી કક્ષા લક્ષમાં લઈને પ્રભુ ઈસુ પોતાને પ્રગટ કરે છે. કેટલાક કિસ્સાઓમાં, પ્રભુ ઈસુ પોતે જ પોતાના સેવકને સ્વીકારવા તેની મૃત્યુશય્યા પાસે આવે છે, પ્રેમથી તેનાં આંસુ લૂછે છે, અને તેને સ્વર્ગમાં દોરી જાય છે. આ પૃથ્વી ઉપર જન્મ લેનાર બાળક પોતાની તમામ જરૂરિયાતો માટે બધું તૈયાર જુએ છે, તે જ પ્રમાણે આત્મિક સૃષ્ટિમાં પ્રવેશ કરનાર આત્મા પોતાની તમામ જરૂરિયાતો પૂરી પાડેલી જુએ છે." ★

## ૩

# આત્માઓની સૃષ્ટિ

એક વાર સંતો સાથેની વાતચીત દરમ્યાન મને માહિતી આપવામાં આવી કે,"મૃત્યુ બાદ, દરેક મનુષ્યનો આત્મા,આત્માઓની સૃષ્ટિમાં દાખલ થશે, અને દરેક જણ, પોતાના થયેલા આત્મિક વિકાસની કક્ષા પ્રમાણે, પોતાના જેવા સ્વભાવ અને પ્રકૃતિવાળા આત્માઓ સાથે ક્યાં તો અંધકાર યા મહિમાના પ્રકાશમાં રહેશે. અમને ખાતરી કરાવવામાં આવી છે કે, પ્રભુ ઈસુ અને થોડાક સંતો, જેઓનાં શરીરોને મહિમાવંત શરીરોમાં ફેરવવામાં આવ્યાં હતાં તેઓ સિવાય બીજું કોઈ ભૌતિક શરીર સાથે આત્મિક સૃષ્ટિમાં દાખલ થયું નથી. છતાં, અમુક લોકોને છૂટ આપવામાં આવી હતી કે, દુનિયામાં રહેતા હોવા છતાં, તેઓ આત્માઓનું જગત અને ખુદ સ્વર્ગને જોઈ શકે. જેમ ૨ કોરીંથી. ૧૨ : ૨માં લખ્યું છે તે પ્રમાણે — છતાં તેઓ પોતે બતાવી શકતા નથી કે તેઓ સ્વર્ગમાં શરીર સાથે પ્રવેશ્યા કે આત્મામાં."

આ વાર્તાલાપ પછી સંતોએ મને સાથે ફેરવીને ચારે તરફની આશ્ચર્યજનક વસ્તુઓ અને સ્થાન બતાવ્યાં.

મેં જોયું કે, ચારે તરફથી હજારો હજાર આત્માઓ સતત રીતે આત્માઓની સૃષ્ટિમાં પ્રવેશતા હતા, અને એ તમામ ઉપર સ્વર્ગીય દૂતો ધ્યાન આપી રહ્યા હતા. ભલા આત્માઓની સાથે દૂતો અને બીજા ભલા આત્માઓ જે તેમને મૃત્યુશય્યા પરથી લઈ આવ્યા તેઓ હતા. દુષ્ટ આત્માઓને તેઓની નજદીક આવવાની છૂટ ન હતી, પરંતુ તેઓ દૂર ઊભા રહીને આ બધું જોઈ રહ્યા હતા. મેં એ પણ

જોયું કે, ખરેખર દુષ્ટ માણસોના આત્માઓ સાથે ભલા આત્માઓ ન હતા, પરંતુ ભૂંડા આત્માઓ જેઓ તેમને મૃત્યુશય્યા ઉપરથી લઈ આવ્યા હતા તેઓ હતા. સ્વર્ગના દૂતો આ દુષ્ટ આત્માઓને દૂર ઊભા રહીને જોતા હતા, અને દુષ્ટ આત્માઓને તેઓની ઈર્ષાળુ પ્રકૃતિ પ્રમાણે હેરાનગતિ પહોંચાડવાની છૂટ આપતા ન હતા. દુષ્ટ આત્માઓ તેમની સાથેના આત્માઓને તત્કાળ અંધકાર તરફ દોરી ગયા, કારણ કે જ્યારે તેઓ પૃથ્વી ઉપર શારીરિક રૂપમાં હતા, ત્યારે તેઓએ પોતે જ દૃઢતાથી દુષ્ટ આત્માઓને પોતાને બૂરાઈથી પ્રભાવિત કરવાની સહર્ષ અનુમતિ આપી હતી, અને તેઓ તમામ પ્રકારની બૂરાઈઓમાં લપેટાયેલા રહ્યા હતા. સ્વર્ગના દૂતો કોઈપણ આત્માની સ્વતંત્ર ઇચ્છામાં હસ્તક્ષેપ કરતા ન હતા. જેઓ તાજેતરમાં આત્માઓની સૃષ્ટિમાં પ્રવેશ્યા હતા તેવા ઘણા આત્માઓને જોયા, ભલા અને ભૂંડા આત્માઓ અને દૂતો તેઓની સાથે હતા, પરંતુ થોડી જ વારમાં તેઓનાં જીવનોનો મૂળગત તફાવત દેખાવા લાગ્યો, અને તેઓ પોતે જ અલગ પડી ગયા. ભલા આત્માઓ ભલા તરફ, અને ભૂંડા આત્માઓ ભૂંડા તરફ.

## પ્રકાશનાં સંતાનો

જ્યારે મનુષ્યોના આત્માઓ, આત્માઓની સૃષ્ટિમાં આવે છે, ત્યારે ભલા આત્માઓ દુષ્ટ આત્માઓથી જુદા થઈ જાય છે. પૃથ્વી ઉપર તમામ આત્માઓ ભેગા રહે છે, પરંતુ આત્માઓના જગતમાં આમ બનતું નથી. મેં ઘણી વાર જોયું છે કે, જ્યારે ભલા —આત્માઓ—પ્રકાશનાં સંતાનો—જ્યારે આત્માઓની સૃષ્ટિમાં પ્રવેશે છે, ત્યારે સ્પર્શથી ખ્યાલ ન આવે, તેવી હવા માફક, સ્ફટિકના જેવા સ્વચ્છ સાગરના પાણીમાં સ્નાન કરે છે, અને અસીમ પ્રસન્નતા અનુભવે છે. આ ચમત્કારિક પાણીમાં તેઓ ખુલ્લી હવાની માફક હરેફરે છે. આ પાણીમાં તેઓ ડૂબી જતા નથી, કે પાણી તેમને

પલાળતું નથી. પરંતુ અજાયબ રીતે તેઓ શુદ્ધ અને તાજગીભર્યાં બને છે, અને પછી સંપૂર્ણ શુદ્ધ બનીને તેઓ મહિમા અને પ્રકાશની દુનિયામાં પ્રવેશ કરે છે, જ્યાં તેઓ તેમના વહાલા પ્રભુની હાજરીમાં અને અસંખ્ય દૂતો અને સંતોની સંગતમાં અનંતકાળ સુધી રહેશે.

## અંધકારનાં સંતાનો

પ્રકાશનાં સંતાનોના આત્મા કરતાં આ સંતાનોના આત્માઓ જેઓએ જીવનભર દુષ્ટતા જ કરી છે, એ કેટલા જુદા છે. ધર્મી આત્માઓ પ્રકાશનાં સંતાનોની સંગતમાં રહે છે, જ્યારે દુષ્ટ આત્માઓ પોતાની ચારે તરફ મહિમાવંત પ્રકાશ જોઈને તેનાથી સંતાવાનો સંઘર્ષ કરે છે, જ્યાં તેઓની અશુદ્ધ અને પાપના ડાઘવાળી પ્રકૃતિ કોઈથી જોવામાં ન આવે. આત્માઓની સૃષ્ટિના સૌથી ઊંડાણ અને અંધકારવાળી જગ્યામાંથી કાળો અને દુર્ગંધવાળો ધુમાડો ઊંચે ચઢે છે અને પોતાની જાતને પ્રકાશથી છુપાવાની કોશિશમાં આ અંધકારનાં સંતાનો નીચે ધસે છે, અને તેમાં પડતું મૂકે છે, અને ત્યાંથી તેઓના ચિત્કારો, શોક અને પીડાના અવાજ ચાલુ સંભળાતા રહે છે. પરંતુ સ્વર્ગને એવું વ્યવસ્થિત બનાવ્યું છે કે, ત્યાં ધુમાડો દેખાતો નથી, અને દુઃખના અવાજો પણ સંભળાતા નથી. પરંતુ પ્રકાશમાંનાં સંતાનોમાંથી કોઈ ખાસ કારણસર અંધકારના દુષ્ટ આત્માઓની અવદશા જોવાની ઇચ્છા કરે તો તે જોઈ શકે છે.

## બાળકનું મૃત્યુ

એક નાનું બાળક ન્યુમોનિયાને કારણે મરણ પામ્યું, અને દૂતોનું એક જૂથ તેના આત્માને આત્માઓના જગતમાં લઈ જવા આવ્યું. હું ઇચ્છું છું કે, તેની માતા જો આ અદ્‌ભુત દૃશ્ય જોઈ શકત, તો વિલાપ કરવાને બદલે તે આનંદથી ગીતો ગાત; કારણ કે કોઈ માતા ન બતાવી શકે એવા પ્રેમ અને સંભાળથી દૂતો આ

નાના બાળકની સંભાળ લેતા હતા. દૂતોમાંથી એકને મેં બીજા દૂતને કહેતાં સાંભળ્યો, "જુઓ, આ એક ટૂંકી અને કામચલાઉ જુદાઈને કારણે, આ બાળકની માતા રડી રહી છે! થોડાં જ વર્ષોમાં તેણી ફરીથી પોતાના બાળક સાથે આનંદ કરશે." પછી આ દૂતે બાળકના આત્માને સ્વર્ગના એક સુંદર અને પ્રકાશથી ભરપૂર ભાગમાં પહોંચાડયો જ્યાં તેઓ તેની સંભાળ લે છે, અને તેઓ દૂતો જેવા બને ત્યાં સુધી તેમને સ્વર્ગીય ડહાપણ શીખવે છે.

કેટલાક સમય બાદ આ બાળકની માતા પણ મૃત્યુ પામી, અને પેલો બાળક જે હવે પૂર્ણ દૂત બન્યો હતો, તે બીજા દૂતોની સાથે તેની માતાના આત્માને સત્કારવાને આવ્યો. જ્યારે તેણે માતાને પૂછ્યું, "મા, મને ઓળખતાં નથી? હું તમારો પુત્ર થિઓડોર છું." આ સાંભળીને માતાનું હૃદય આનંદથી છલકાઈ ગયું, અને જ્યારે તેઓ એકબીજાને ભેટયાં ત્યારે, તેઓના હર્ષનાં આંસુ જાણે કે ફૂલ માફક સરવા લાગ્યાં. આ એક હૃદયસ્પર્શી દૃશ્ય હતું. પછી જ્યારે તેઓ સાથે સાથે ચાલવા લાગ્યાં, ત્યારે તે બાળક, માતાને બધું બતાવીને સમજ આપતો હતો, અને વચગાળાના મુકામે જ્યાં તેણીને મુકરર કરેલ સમય સુધી રહેવું પડયું, ત્યાં સુધી બાળક માતાની સાથે જ રહ્યો. માતા માટે એ મુકામનું શિક્ષણ જ્યારે પૂરું થયું, ત્યારે તે તેણીને જ્યાં તે રહેતો હતો, તેવા ઉચ્ચ વાતાવરણમાં લઈ ગયો.

ત્યાં, ચારે તરફ અદ્‌ભુત અને ઉલ્લાસભર્યું વાતાવરણ હતું, અને પૃથ્વી ઉપર પ્રભુ ઈસુને ખાતર દુઃખ વેઠયું હોય, એવા અસંખ્ય આત્માઓ ત્યાં હતા, જેઓ અંતમાં આ માનવંતા અને મહિમાવંત સ્થાને પહોંચ્યા હતા. ચારે બાજુ અતિ મનોહર પર્વતો, ઝરણાં, સૃષ્ટિ-સૌંદર્ય હતાં. બાગમાં દરેક પ્રકારનાં મીઠાં ફળ–ફૂલ હતાં. જેની પણ હૃદય ઇચ્છા કરે, તેવું બધું ત્યાં હતું. પછી તેણે માતાને કહ્યું, "પૃથ્વી, જે આ વાસ્તવિક સંસારની એક ધૂંધળી છાયા છે, ત્યાં આપણા

સ્નેહીજનો આપણા માટે દુઃખી છે. પરંતુ મને કહો કે, શું આ મરણ છે કે પછી જેને માટે દરેક હૃદય આકાંક્ષા કરે તેવું ખરું જીવન છે?" માતાએ જવાબ આપ્યો, "દીકરા, આ જ ખરું જીવન છે. પૃથ્વી ઉપર જો સ્વર્ગ વિષે મેં સંપૂર્ણ સત્ય જાણ્યું હોત, તો તારા મરણ વખતે મેં વિલાપ ન કર્યો હોત. એ કેટલી દુઃખની વાત છે કે, પૃથ્વીના લોકો આટલા અંધ છે! પ્રભુ ઈસુ ખ્રિસ્તે પોતે ઘણી જ સ્પષ્ટતાથી આ મહિમાવંત મુકામ વિષે શીખવ્યું છે, અને સુવાર્તાઓમાં પણ વારંવાર આપના આ સનાતન રાજ્ય વિષે કહે છે; છતાં ફક્ત અજ્ઞાન લોકો જ નહિ, પરંતુ ઘણા જ્ઞાની વિશ્વાસીઓ પણ આ મહિમા વિષે હજુ બિલકુલ અજાણ છે. ઈશ્વર એવું કરે કે, આ સ્થાનના અનંત આનંદમાં બધા પ્રવેશ કરે."

## એક ફિલસૂફનું મૃત્યુ

એક જર્મન ફિલસૂફનો આત્મા આત્માઓના જગતમાં દાખલ થયો, અને દૂરથી આ આત્મિક સૃષ્ટિનો અદ્વિતીય મહિમા તથા તેમાં વસનારાઓનો અમર્યાદિત આનંદ જોયો. તેણે જે જોયું તેથી તેને આનંદ થયો, પરંતુ આ સ્થળે દાખલ થઈને તેનો આનંદ ભોગવવા તેની જિદ્દી બૌદ્ધિકતા તેને નડતરરૂપ બની. આ બધું વાસ્તવિક છે એવો એકરાર કરવાને બદલે, તેણે પોતાની જાત સાથે દલીલ કરી કે, "આમાં કંઈ સંદેહ નથી, કે આ બધું હું જોઈ રહ્યો છું, પરંતુ એની શી સાબિતી કે તેનું અસ્તિત્વ વસ્તુલક્ષી યા વાસ્તવિક છે, અને મારા મગજ ઉપરનો નજરબંધીથી થયેલ કોઈ ભ્રમ નથી? આ તમામ દૃશ્યોની એક પછી એક તર્કની રીતે, ફિલસૂફીની રીતે અને વૈજ્ઞાનિક રીતે પરીક્ષા કરીશ અને પછી જ મને ખાતરી થશે કે, તે કોઈ ભ્રમ નથી, પરંતુ એની પોતાની વાસ્તવિકતા છે." દૂતે તેને જવાબ આપ્યો, "તમારી વાતચીતથી આ સ્પષ્ટ થાય છે કે, તમારી બૌદ્ધિકતાએ તમારી પ્રકૃતિ ઉપર સંપૂર્ણ કબજો જમાવ્યો છે, કારણ કે

જેવી રીતે આત્મિક સૃષ્ટિ જોવા માટે શારીરિક નહિ, પરંતુ આત્મિક ચક્ષુઓ હોવાં જોઈએ, તેવી રીતે આત્મિક વાસ્તવિકતા સમજવા આત્મિક સમજણ હોવી જોઈએ. તેને માટે તર્ક અને વિજ્ઞાનના પાયા ઉપર રચાયેલો માનસિક અભ્યાસ બિલકુલ નિષ્ફળ નીવડે છે. તમારું વિજ્ઞાન જેનો સંબંધ ભૌતિક સંબંધો સાથે છે તે તમારી શારીરિક ખોપરી અને મગજ સાથે પૃથ્વી ઉપર છોડીને આવ્યા છો. અહીં તો પરમેશ્વરની બીક અને પ્રેમથી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તે જ કામમાં આવે છે." પછી એક દૂતે બીજા દૂતને કહ્યું, "કેટલા દુઃખની વાત છે કે, લોકો આપણા પ્રભુનાં અમૂલ્ય વચનો ભૂલી જાય છે કે, 'જો તમે નહિ ફરો, ને બાળકોના જેવા નહિ થાઓ, તો આકાશના રાજ્યમાં તમે નહિ જ પેસશો.'" (માથ્થી ૧૮ : ૩). મેં એક દૂતને પૂછ્યું કે, આ માણસનો અંત શું હશે? દૂતે જવાબ આપ્યો, "જો આ માણસનું જીવન તદ્દન દુષ્ટ હોત, તો તે તરત જ અંધકારના આત્મામાં જોડાયો હોત, પરંતુ તે નૈતિક, લાગણી વગરનો નથી, અને આથી લાંબા સમય સુધી, તે નીચેના વચગાળાના મુકામમાં અર્ધ-પ્રકાશમાં આંધળા માફક ભટકતો રહેશે, અને જ્યાં સુધી થાકીને પસ્તાવો નહિ કરે, ત્યાં સુધી પોતાનું તર્કમય મસ્તક અહીંતહી ટકરાવતો રહેશે. પછી તેના માટે મુકરર કરેલા દૂત પાસેથી તે જોઈતું જ્ઞાન મેળવશે, અને જ્યારે જ્ઞાન મેળવી લેશે, ત્યારે ઉચ્ચતમ વાતાવરણમાં ઈશ્વરના અધિક પ્રકાશમાં પ્રવેશ કરવાને યોગ્ય બનશે."

એક પ્રકારે સમસ્ત અપરિમિત ક્ષિતિજ આત્મિક સૃષ્ટિ છે જે, પરમેશ્વર જે ખુદ આત્મા છે, તેની હાજરીથી ભરપૂર છે. બીજા શબ્દોમાં, પૃથ્વી પણ આત્મિક સૃષ્ટિ છે, કારણ કે તેના રહેવાસીઓ મનુષ્યના શરીરવાળા આત્મામાં છે. પરંતુ આત્માઓની એક બીજી પણ સૃષ્ટિ છે, જે મરણ બાદ જ્યારે આત્મા દેહ છોડે છે ત્યારે તેઓ માટે એક કામચલાઉ રહેઠાણ છે. આ એક વચગાળાનું સ્થાન છે, જે ઉચ્ચતમ સ્વર્ગના મહિમા અને પ્રકાશ તથા નીચલા નર્ક

અને અંધકારની વચ્ચે આવેલું છે. તેમાં અસ્તિત્વની અસંખ્ય કક્ષા છે અને પૃથ્વી ઉપરની પ્રગતિએ તેને જે જગ્યા માટે તૈયાર કર્યો છે તે સ્થાને તેને પહોંચાડાય છે. ત્યાં મુકરર કરેલા દૂતો તેને થોડો સમય શિક્ષણ આપે છે. આ સમયગાળો લાંબો અને ટૂંકો પણ હોય, અને ત્યાર બાદ પોતાના જેવા સમાન સ્વભાવ અને પ્રકૃતિવાળા બીજા આત્માઓના સમુદાયમાં જાય છે — ભલા આત્માઓ અધિક પ્રકાશમાં અને દુષ્ટ આત્માઓ અધિક અંધકારમાં ચાલી જાય છે. ★

# ૪

## મનુષ્યની સહાયતા તથા શિક્ષણ

[ વર્તમાન સમયમાં અને મૃત્યુ બાદ ]

### અદૃશ્ય સહાયતા

અદૃશ્ય સૃષ્ટિમાંથી વારંવાર આપણાં સગાંસંબંધીઓ, પ્રિયજનો અને કેટલીકવાર સંતો પણ આપણી સહાય અને રક્ષણ માટે આવે છે, પરંતુ દૂતો તો હંમેશાં સહાય અને રક્ષણ આપે છે. આમ છતાં, દૂતોને આપણી સમક્ષ પ્રગટ થવાની છૂટ આપવામાં આવી નથી, સિવાય કે ખાસ જરૂરિયાત ઊભી થાય, તો કોઈકવાર તેઓ તેમ કરી શકે છે. આપણે ન જાણીએ એ રીતે તેઓ પવિત્ર વિચારો તરફ આપણને દોરે છે. તેઓ આપણને ઈશ્વર તરફ અને શુદ્ધ ચારિત્ર તરફ પ્રેરે છે. પરમેશ્વરનો આત્મા જે આપણામાં વસે છે તે આત્મિક જીવન સંપૂર્ણ બનાવવાનું કાર્ય જે થઈ શક્યું નથી તે પૂરું કરે છે.

### સૌથી મોટું કોણ?

કોઈની પણ મોટાઈનો આધાર તેમના જ્ઞાન કે પદવી પર નથી, કેવળ આ રીતે જ તે મહાન બની શકે. બીજાઓને તે કેટલો ઉપયોગી બની શકે છે તેટલી હદે માણસ મહાન બને છે, અને બીજાઓ માટે તેની ઉપયોગિતાનો આધાર તેની તેઓ તરફની સેવા ઉપર રહેલો છે. આથી જ પ્રેમથી માણસ બીજાઓની જેટલી સેવા કરે છે, એટલો મહાન બને છે. આપણા પ્રભુએ કહ્યું કે, "તમારામાં જે કોઈ મોટો થવા ચાહે તે તમારો દાસ થાય." (માથ્થી ૨૦ : ૨૬). સ્વર્ગમાં જેઓ રહે છે તેઓનો આનંદ પ્રેમથી એકબીજાની સેવા કરવા ઉપર

રહેલો છે; અને આ પ્રમાણે પોતાના જીવનનો ઉદ્દેશ પૂરો કરતાં તેઓ અનંતકાળ સુધી પરમેશ્વરની સંગતમાં રહે છે.

## ભૂલ સુધારવી

જો લોકો ઈશ્વરને પસંદ પડે તેવું જીવન જીવવા માંગતા હોય, તો તેઓના દષ્ટિકોણમાં જોઈતો સુધાર અને તેમના જીવનના નવીનીકરણની શરૂઆત આ પૃથ્વી ઉપરથી જ શરૂ થવી જોઈએ. ઈશ્વરનો આત્મા તેઓને સીધું જ શિક્ષણ આપે છે, એટલુંજ નહિ, પરંતુ તેમના હૃદયની ગુપ્ત ઓરડીમાં સંતો સાથેની વાતચીત દ્વારા એ મદદ મળે છે. આ સંતો તેઓની નજરથી અદૃશ્ય હોવા છતાં તેઓને સત્ય તરફ દોરવા સદા તેમની પાસે જ હોય છે. પરંતુ ઘણા ખ્રિસ્તી વિશ્વાસીઓ તેમ જ સત્યની શોધ કરનારા અખ્રિસ્તીઓ પણ, સત્ય તરફ જૂઠો અને આંશિક દષ્ટિકોણ રાખીને મૃત્યુ પામે છે. આત્માઓની સૃષ્ટિમાં તેઓનો મત સુધારવામાં આવે છે, પરંતુ આવો સુધારો ત્યારે જ શક્ય બને, જો તેઓ પોતે અપનાવેલા દષ્ટિકોણને ચુસ્તપણે વળગી ન રહે, અને વધુ શિક્ષણ મેળવવા તૈયાર હોય. આનું કારણ આ છે કે, આ પૃથ્વી ઉપર કે બીજી દુનિયામાં પરમેશ્વર કે તેમનો કોઈ સેવક, મનુષ્યની મરજી વિરુદ્ધ, કોઈ બાબત ઉપર વિશ્વાસ મૂકવાની ફરજ પાડતો નથી.

## પ્રભુ ઈસુનું પ્રકટીકરણ

મેં એક દર્શનમાં જોયું કે, એક મૂર્તિપૂજકનો આત્મા જ્યારે આત્માઓની સૃષ્ટિમાં પહોંચ્યો, ત્યારે તરત જ પોતાના દેવની શોધ કરવા લાગ્યો. સંતોએ તેને કહ્યું, "ફક્ત સત્ય પરમેશ્વર, અને પ્રભુ ઈસુ જે તેનું પ્રકટીકરણ છે, તે સિવાય અહીં બીજો કોઈ દેવ નથી." આ સાંભળીને આ માણસને ઘણી નવાઈ લાગી, પરંતુ તે સત્યનો પ્રામાણિક શોધક હોવાથી તેણે નિખાલસપણે કહ્યું કે, તે ભૂલમાં હતો.

તેણે તરત જ સત્યનો સાચો દૃષ્ટિકોણ જાણવાની તૈયારી બતાવી, અને પ્રભુ ઈસુને જોઈ શકે કે કેમ તે પૂછ્યું. થોડી વારમાં પ્રભુ ઈસુ તેને તથા બીજાઓ જેઓ તાજા જ આત્માની સૃષ્ટિમાં પ્રવેશ્યા હતા તેઓને ઝાંખા પ્રકાશમાં દેખાયા, કારણ કે તેઓની કક્ષાએ તેઓ પ્રભુ ઈસુના મહિમાનું પૂર્ણ રૂપ સહન કરી શકે તેમ ન હતું. આનું કારણ આ છે કે, તેમના મહિમાનો પ્રતાપ એટલો ઉચ્ચ છે કે, દૂતો પણ તેમની તરફ મુશ્કેલીથી જોઈ શકે છે, અને પોતાનાં મુખ પાંખોથી ઢાંકી દે છે. (યશાયાહ ૬ : ૨). જ્યારે તેઓ પોતાને કોઈ સમક્ષ પ્રગટ કરે છે, ત્યારે તે વ્યક્તિનો આત્મિક વિકાસ કેટલી હદે થયો છે, તે લક્ષમાં રાખીને ઝાંખા કે પૂર્ણ પ્રકાશમાં દેખાય છે, જેથી તેને જોનાર એ દૃશ્ય સહન કરી શકે. આ આત્માઓએ જ્યારે પ્રભુ ઈસુને આ ઝાંખા પરંતુ આકર્ષક રૂપમાં જોયા, ત્યારે તેમનામાં અવર્ણનીય આનંદ અને શાંતિ વ્યાપ્યાં. તે જીવનદાયક પ્રકાશના તેજમાં સ્નાન કરવાથી, અને તેમનામાંથી જે સનાતન પ્રેમનાં મોજાં વહે છે, તેની અસરથી તેઓની ભૂલો ધોઈ નાંખવામાં આવી; પછી પૂરા હૃદયથી તેઓ તેમનો સત્ય તરીકે સ્વીકાર કરીને સાજાપણું પામ્યા, અને તેમને નમન કરીને સ્તુતિ અને મહિમા કરતાં આભાર પ્રગટ કર્યો. જે સંતો તેમને શિક્ષણ આપતા હતા, તેઓએ પણ તેમની સાથે આનંદ પ્રગટ કર્યો.

## એક મજૂર અને એક સંદેહ રાખનાર વ્યક્તિ

એક વાર મારા દર્શનમાં મેં એક મજૂરને આત્માઓની સૃષ્ટિમાં પ્રવેશતો જોયો. તે ઘણો દુ:ખી દેખાયો, કારણ કે, પૃથ્વી ઉપરના જીવનમાં પોતાની રોજની રોટલી કમાવાના વિચાર સિવાય બીજી કોઈ બાબતનો તેણે વિચાર કર્યો ન હતો. પરમેશ્વર કે આત્મિક જીવન સંબંધી વિચાર કરવાની તેને ફુરસદ ન હતી. જે વખતે તે મૃત્યુ પામ્યો તે જ અરસામાં, એક બીજી વ્યક્તિ પણ મૃત્યુ પામી,

જે સંદેહ કરનાર અને પોતાના અભિપ્રાયોની જિદ્દી વ્યક્તિ હતી. આત્માઓની સૃષ્ટિની ઘણે નીચે તેઓને લાંબો સમય અંધકારમાં રાખવામાં આવ્યા. દુઃખમાં હોવાથી તે જગ્યાએથી તેઓએ મદદ માટે પોકાર કર્યો. પ્રેમ અને સહાનુભૂતિને કારણે દૂતો અને સંતો તેમની મદદે ગયા, જેથી શિક્ષણ પ્રાપ્ત કરીને, કેવી રીતે મહિમા અને પ્રકાશના રાજ્યના સભ્ય બની શકે. પરંતુ બીજા આત્માઓની માફક તેઓને દુઃખ અને પીડા હોવા છતાં, તેઓએ તે અંધકારવાળા સ્થળમાં રહેવાનું પસંદ કર્યું, કારણ કે પાપે તેમના જીવનમાં એટલો કબજો જમાવ્યો હતો કે, તેઓ દરેક બાબત શકની દૃષ્ટિથી જોતા હતા. જે દૂતો તેમની મદદે આવ્યા હતા, તેઓ તરફ પણ શકની દૃષ્ટિથી જોવા લાગ્યા. જ્યારે હું આ જોતો હતો, ત્યારે મને નવાઈ લાગી કે, તેઓનો અંત કેવો હશે. પછી જ્યારે આ સંબંધી મેં પૂછ્યું, ત્યારે એક સંત તરફથી મને જવાબ મળ્યો કે, "પરમેશ્વર તેઓ ઉપર દયા કરે."

અમને મનુષ્યની કલુષિત તથા વિકૃત પ્રકૃતિનો ખ્યાલ આવી જાય છે કે, એક વ્યક્તિ સંબંધીનો દુષ્ટ હેવાલ બીજા પાસે જાય છે, તો જો કે તે હેવાલ ખોટો હોય, છતાં જે માણસનો દૃષ્ટિકોણ પાપને કારણે કુરૂપ હોય, તે તેને સાચો માની લે છે. બીજી બાજુ, એક સારો અને તદ્દન સત્ય હેવાલ મળે છે કે, ફલાણો માણસ ધર્મી છે, અને ઈશ્વરના મહિમા અને પોતાના લોકોના ભલા માટે આ કે તે કાર્ય કર્યું છે, તો કોઈપણ જાતની આનાકાની વગર આ વાત સાંભળનાર કહેશે કે, "એ બધું જૂઠું છે; આ બધાની પાછળ તેનો કોઈ હેતુ હશે." આ વ્યક્તિને શું આપણે પૂછી શકીએ કે, તે કેવી રીતે કહી શકે કે, પ્રથમ હેવાલ સાચો, અને બીજો જૂઠો છે, અને તેને માટે તેની પાસે શું સાબિતી છે? આ વ્યક્તિ પાસે એની નાનામાં નાની સાબિતી પણ નહિ હોય. મગજના આવા વલણ માટે આપણે

એટલું જ કહી શકીએ કે, તેનું મગજ દુષ્ટતાથી રંગાયેલું છે, અને આથી તે દુષ્ટ હેવાલો માની લે છે, કારણ કે એ તેની પ્રકૃતિ સાથે બંધ બેસે છે. તે વિચારે છે કે, સારા હેવાલો જૂઠા છે, કારણ કે તેના હૃદયની દુષ્ટતા સાથે બંધબેસતા નથી. એક ભલા મનુષ્યનું વલણ પ્રકૃતિથી જ એનાથી ઊલટું છે. દુષ્ટ હેવાલો ઉપર કુદરતી રીતે જ તે સંદેહથી જુએ છે, અને સારા હેવાલોને માની લે છે. કારણ કે એ વલણ તેની ભલી પ્રકૃતિ સાથે ચોક્કસ રીતે બંધ બેસે છે.

આ પૃથ્વીમાં જે લોકો પરમેશ્વરની મરજીથી વિરુદ્ધ જીવન જીવે છે તેઓને આ દુનિયામાં કે આવનાર દુનિયામાં શાંતિ મળશે નહિ. જ્યારે તેઓ આત્માઓના જગતમાં પ્રવેશે ત્યારે તેઓ વ્યાકુળતા અને દુ:ખનો અનુભવ કરશે. પરંતુ જેઓ આ દુનિયામાં પ્રભુની ઇચ્છાને આધીન છે, તેઓ બીજી દુનિયામાં શાંતિમાં પ્રવેશશે અને તેઓને અવર્ણનીય આનંદ પ્રાપ્ત થશે, કારણ કે ત્યાં જ તેમનું સદાકાળનું ઘર અને તેમના બાપનું રાજ્ય હશે.

★

## ૫

# પાપીઓનો ન્યાય

ઘણા લોકો એમ માને છે કે, જો તેઓ ખાનગીમાં પાપ કરે, તો કોઈ તે વિષે જાણશે નહિ; પરંતુ એ અશક્ય છે કે, કોઈપણ પાપ કાયમને માટે ગુપ્ત રહે. કોઈ ને કોઈવાર તે ચોક્કસ જાહેર થશે, અને પાપીને તેની યોગ્ય શિક્ષા મળશે. ભલાઈ અને સત્ય પણ કદી ઢંકાયેલાં રહેતાં નથી; જો કે થોડો સમય તેમનું મહત્ત્વ દૃષ્ટિએ ન પડે, પરંતુ અંતમાં તેમનો વિજય થશે. નીચેની ઘટનાઓ પાપીની સ્થિતિ ઉપર પ્રકાશ પાથરશે.

### એક ભલો મનુષ્ય અને એક ચોર

એક વાર મારા દર્શનમાં એક સંતે નીચેની વાત મને સંભળાવી : "'એક મોડી રાત્રે એક ધર્મી માણસને એક ખાસ કામ માટે એક દૂરની જગ્યાએ જવાનું થયું. જ્યારે તે જઈ રહ્યો હતો, ત્યારે તેણે એક ચોરને એક દુકાન તોડતાં જોયો. તેણે તેને કહ્યું, "બીજાઓની મિલકત લઈ લેવાનો અને તેમને નુકસાનમાં ઉતારવાનો તને હક નથી. આમ કરવું તે એક મોટું પાપ છે." ચોરે જવાબ આપ્યો, "જો તમારે અહીંથી સહીસલામત જતા રહેવું હોય, તો શાંતિથી ચાલી જાઓ. જો તમે ચાલી જશો નહિ, તો મુશ્કેલીમાં પડશો." પેલા ભલા માણસે તેનો પ્રયાસ ચાલુ રાખ્યો, પરંતુ જ્યારે ચોર ઉપર કોઈ અસર ન થઈ, ત્યારે તેણે બૂમો પાડીને પડોશીઓને જગાડવાનું શરૂ કર્યું. પડોશીઓ ચોરને પકડવા ધસી આવ્યા. પરંતુ જ્યારે આ ભલા માણસે ચોરનો દોષ બતાવવાનું શરૂ કર્યું, ત્યારે પેલા ચોરે ઊલટું પેલા ભલા માણસને દોષિત ઠરાવવાનું શરૂ કર્યું. તેણે કહ્યું, "તમે એમ

માનો છો કે, આ માણસ ઘણો ધાર્મિક છે, પરંતુ મેં તેને ચોરી કરતાં જ પકડી પાડ્યો છે." જ્યારે કોઈ સાક્ષી ન મળ્યો, ત્યારે બન્નેને પકડીને એક ઓરડીમાં પૂરવામાં આવ્યા, અને કેટલાક સિપાઈઓ અને બીજા લોકો તેઓની વાતચીત સાંભળવા બહાર સંતાઈ રહ્યા. ચોર પોતાના સાથી બંદીવાનની હસીને મશ્કરી કરવા લાગ્યો, અને કહ્યું, "જોયું, મેં કેટલી ચાલાકીથી તમને પકડાવ્યા. મેં તમને નહોતું કહ્યું કે, અહીંથી ચાલ્યા જાઓ, નહિ તો તમારા માટે મોટી મુશ્કેલી ઊભી કરીશ. હવે હું જોઉં છું કે, તમારો ધર્મ તમારું કેવું રક્ષણ કરે છે." જ્યારે બહાર સંતાઈ રહેલા અમલદારે આ સાંભળ્યું, ત્યારે તેમણે દરવાજો ખોલ્યો, અને પેલા ધર્મી માણસને માનસહિત છૂટો કર્યો, અને ઇનામ આપ્યું. પેલા ચોરને સખત માર મારીને જેલના સળિયા પાછળ પૂરવામાં આવ્યો. આ રીતે આ પૃથ્વી ઉપર પણ ભલા અને ભૂંડા મનુષ્યોનો ન્યાય થાય છે, પરંતુ પૂરી શિક્ષા કે ઇનામ તો આવનાર દુનિયામાં જ મળશે."

## ગુપ્ત પાપ

નીચેની ઘટના પણ મને દર્શનમાં બતાવવામાં આવી. એક વ્યક્તિ પોતાની ઓરડીમાં ખાનગીમાં એક દુષ્ટ કૃત્ય કરી રહી હતી, અને તે માનતી હતી કે, તેનું પાપ ગુપ્ત રહેશે. સંતોમાંથી એકે કહ્યું, "મારી ઘણી ઇચ્છા હતી કે, આ વ્યક્તિની આત્મિક આંખો ખોલવામાં આવે, જેથી ફરીથી તે એવું પાપ કરવાનું સાહસ ન કરે." એ ઓરડીમાં ઘણા દૂતો અને સંતો હતા, અને તેના સ્નેહીજનોના આત્માઓ જેઓ તેની મદદ કરવા ઇચ્છતા હતા, તેઓ પણ ત્યાં હતા. તેનું પાપી કાર્ય જોઈને બધાને દુ:ખ થતું હતું. તેઓમાંથી એકે કહ્યું, "અમે તેની મદદમાં આવ્યા હતા, પરંતુ હવે ન્યાયકાળે તેની વિરુદ્ધ અમારે સાક્ષી આપવી પડશે. તે અમને જોઈ શકતો નથી, પરંતુ અમે બધા તેને પાપમાં ડૂબેલો જોઈ શકીએ છીએ. શું આ વ્યક્તિ પસ્તાવો કરીને આવનાર શિક્ષામાંથી બચી શકે ?"

## ગુમાવેલી તક

આત્માઓની સૃષ્ટિમાં એક વાર મેં એક આત્માને જોયો, જે પશ્ચાત્તાપને કારણે ગાંડા માણસ માફક આમતેમ વિલાપ કરતો ફરતો હતો. એક દૂતે કહ્યું, "પૃથ્વી ઉપર આ માણસને પસ્તાવો કરીને ઈશ્વર તરફ પાછા ફરવાની ઘણી તક મળી હતી, પરંતુ જ્યારે જ્યારે તેનું અંતઃકરણ તેને ડંખતું હતું, ત્યારે ત્યારે તે પોતાનો ડંખ દારૂ પીને ડુબાડી દેતો હતો. તેણે પોતાની તમામ મિલકત ગુમાવી, અને પોતાના કુટુંબની પાયમાલી કરી, અને પરિણામે આત્મહત્યા કરી, અને હવે આત્માઓની સૃષ્ટિમાં તે એક ગાંડા કૂતરા માફક આમતેમ ઘૂમે છે, અને પશ્ચાત્તાપની ગુમાવેલી તક માટે વ્યાકુળ બન્યો છે. અમે તેને મદદ કરવા તૈયાર છીએ, પરંતુ તેની વિકૃત પ્રકૃતિ તેને પસ્તાવો કરતાં રોકે છે. પાપની યાદ તેનામાં હંમેશાં તાજી રહે છે, પરંતુ પાપે તેના હૃદયને કઠોર બનાવ્યું છે. પોતાના આત્માનો અવાજ ભૂલવા માટે પૃથ્વી ઉપર તે દારૂ પીને મસ્ત બનતો હતો, પરંતુ અહીં તો કોઈ બાબત ઢાંકવાની તક જ નથી. હવે તેનો આત્મા એવો નગ્ન છે, જેથી તે પોતે અને આત્મિક સૃષ્ટિના રહેવાસીઓ તેનું પાપી જીવન જોઈ શકે છે. પાપપૂર્ણ કઠોર સ્થિતિમાં હવે તેને માટે કોઈ માર્ગ રહ્યો નથી, સિવાય કે તે બીજા દુષ્ટ આત્માઓની સાથે પોતાની જાતને અંધકારમાં સંતાડે, અને એમ પ્રકાશની યાતનાઓમાંથી કેટલેક અંશે છુટકારો મેળવી શકે."

## એક દુષ્ટ મનુષ્યને સ્વર્ગમાં પ્રવેશવાની પરવાનગી

એક વાર મારી નજર સમક્ષ એક દુષ્ટ મનુષ્ય પોતાના મૃત્યુ બાદ આત્માઓના જગતમાં દાખલ થયો. જ્યારે દૂતો અને સંતોએ તેને સહાયતા કરવાની ઇચ્છા કરી, ત્યારે તે તેઓને અપમાનિત કરીને શાપ દેવા લાગ્યો, અને બોલ્યો, "ઈશ્વર તદ્દન અન્યાયી છે. તમારા જેવા ખુશામતખોર ગુલામો માટે સ્વર્ગ બનાવ્યું છે, અને બીજાઓને

નર્કમાં ધકેલે છે; આમ છતાં તમે તેને પ્રેમાળ કહો છો." દૂતે જવાબ આપ્યો, "દેવ ખરેખર પ્રેમ છે. તેણે મનુષ્યોને ઉત્પન્ન કર્યાં, જેથી તેઓ તેની આનંદી સંગતમાં સદાકાળ રહી શકે. પરંતુ મનુષ્યોએ પોતાના દુરાગ્રહ અને સ્વતંત્ર ઇચ્છાનો દુરુપયોગ કરીને તેની તરફ પીઠ ફેરવી લીધી, અને આમ કરીને પોતે જ પોતાને માટે નર્ક તૈયાર કર્યું. પરમેશ્વર કોઈને નર્કમાં નાખતો નથી, અને કોઈને કદાપિ નાખશે પણ નહિ; પરંતુ મનુષ્ય પોતે જ પાપમાં પડીને પોતા માટે નર્ક બનાવે છે. ઈશ્વરે કદી નર્કનું નિર્માણ કર્યું નથી."

એટલામાં ઉપરથી એક દૂતનો અતિ મધુર અવાજ એમ કહેતાં સંભળાયો કે, "ઈશ્વર રજા આપે છે કે, આ મનુષ્યને સ્વર્ગમાં પ્રવેશ આપવામાં આવે." તરત જ આ માણસે બે દૂતોના સંગાથમાં આગળ ડગ માંડયાં. પરંતુ જ્યારે તેઓ સ્વર્ગને દરવાજે પહોંચ્યા, અને પવિત્ર અને પ્રકાશિત જગ્યા, અને ત્યાં વસતા મહિમાવંત અને આશીર્વાદિત નિવાસીઓને જોયા, ત્યારે તે બેચેન બનવા લાગ્યો. દૂતે તેને કહ્યું, "જુઓ, આ કેટલી સુંદર જગ્યા છે! જરા આગળ વધો, અને સિંહાસને બિરાજેલા વહાલા પ્રભુને જુઓ." દરવાજામાંથી તેણે જોયું અને જ્યારે ન્યાયીપણાના પુત્રનો પ્રકાશ તેના ઉપર પડયો, ત્યારે તેનું પાપી જીવન તેની આગળ ખુલ્લું થયું. તે તરત જ પોતાની ઘૃણાજનક દશાથી પીડિત થઈને પાછો હઠવા લાગ્યો, અને પછી એટલી ઝડપથી ભાગી છૂટયો કે આત્માઓના જગતના મધ્યવર્તી મુકામ ઉપર પણ તે થોભ્યો નહિ, અને એક પથ્થરની માફક ત્યાંથી પસાર થઈ ગયો, અને તળિયા વગરના અંધારા ખાડામાં ઊંધા મસ્તકે પડયો.

પછી પ્રભુનો મધુર અને આકર્ષક અવાજ એમ બોલતાં સંભળાયો, "મારાં પ્રિય બાળકો, કોઈને પણ અહીં આવવાની મના નથી. આ માણસને પણ કોઈએ મના કરી નથી, અથવા તેને ચાલી

જવા કહ્યું નથી. તેના અશુદ્ધ આત્માએ આ પવિત્ર જગ્યામાંથી નાસી છૂટવા દબાણ કર્યું; કારણ કે 'જો કોઈ માણસ નવો જન્મ પામ્યું ન હોય, તો તે દેવનું રાજ્ય જોઈ શકતું નથી.'" (યોહાન ૩ : ૩).

## એક ખૂનીનો આત્મા

એક માણસ જેણે કેટલાંક વર્ષો અગાઉ એક ખ્રિસ્તી ઉપદેશકનું ખૂન કર્યું હતું, તેને જંગલમાંથી સાપ કરડ્યો, અને મરણ પામ્યો. જ્યારે તે આત્માઓની સૃષ્ટિમાં દાખલ થયો ત્યારે પોતાની ચારે બાજુ ભલા અને ભૂંડા આત્માઓ જોયા. તેના આત્માના સમસ્ત દૃષ્ટિકોણે એ સ્પષ્ટ કર્યું હતું કે, તે અંધકારનું સંતાન હતો. આથી તરત જ દુષ્ટ આત્માઓએ તેનો કબજો લીધો, અને પોતાની સાથે અંધકાર તરફ ધકેલ્યો. સંતોમાંના એકે ટીકા કરી કે, "તેણે ગુસ્સાના ઝેરમાં પ્રભુની એક વ્યક્તિનું ખૂન કર્યું હતું, અને હવે તે સાપના ઝેરથી મૃત્યુ પામ્યો છે. જૂના અજગર શેતાને આ માણસની મારફતે એક નિર્દોષ માણસનું ખૂન કર્યું. હવે એક બીજા અજગર મારફતે જે તેના જેવો જ છે, તેણે આ વ્યક્તિનું મરણ નીપજાવ્યું. કારણ કે 'તે શરૂઆતથી જ મનુષ્યઘાતક હતો.'" (યોહાન ૮ : ૪૪).

## —અને જે વ્યક્તિનું ખૂન થયું તેનો આત્મા

જ્યારે એ મનુષ્યઘાતકને ત્યાંથી લઈ જતા હતા ત્યારે ભલા આત્માઓમાંથી એક જે તેની મદદમાં આવ્યો હતો તેણે કહ્યું, "મેં તને પૂરા હૃદયથી માફી આપી છે. હવે તને મદદરૂપ થવા હું કંઈ કરી શકું?" એ ખૂનીએ તરત તેને ઓળખ્યો, કે જેનું તેણે વર્ષો અગાઉ ખૂન કર્યું હતું, તે જ તે હતો. શરમ અને બીકથી કાંપતાં તે તેના પગોમાં પડ્યો, અને તરત જ ભૂંડા આત્માઓએ કચકચ શરૂ કરી. પરંતુ જે દૂતો થોડે દૂર ઊભા હતા, તેમણે તેઓને ધમકાવ્યા, અને શાંત પાડ્યા. પછી ખૂનીએ જેનું તેણે ખૂન કર્યું હતું તે મનુષ્યને કહ્યું, "હું ઇચ્છું છું કે, જેમ અત્યારે હું જોઈ

રહ્યો છું તેમ તમારું પૃથ્વી ઉપરનું બિનસ્વાર્થી અને પ્રેમાળ જીવન જોઈ શક્યો હોત! હું દિલગીર છું કે મારી આંખો બંધ હોવાને કારણે, અને તમારું આત્મિક જીવન શરીરરૂપી વસ્ત્રો વડે ઢંકાયેલું હોવાથી, હું તમારા જીવનનું આંતરિક સૌંદર્ય જોઈ શક્યો નહિ. તમારું ખૂન કરવાથી જે આશીર્વાદ અને લાભ તમારા દ્વારા હું પામી શક્યો હોત તેથી વંચિત રહી ગયો. હવે હું સદાકાળને માટે ઈશ્વરની નજરમાં પાપી છું, અને દંડ ભોગવવાને યોગ્ય છું. હું જાણતો નથી કે, હવે ફક્ત અંધારી ગુફામાં મોં સંતાડવા સિવાય બીજું હું શું કરી શકું, કારણ કે અહીંનો પ્રકાશ હું સહન કરી શકતો નથી. આ પ્રકાશમાં ન કેવળ મારું હૃદય મને પીડિત કરે છે, પરંતુ બધા મારું પાપી જીવન વિગતથી જોઈ શકે છે."

જે વ્યક્તિનું ખૂન થયું હતું તેણે જવાબ આપ્યો, "તમારે ખરા પસ્તાવા સહિત ઈશ્વર પાસે આવવું જોઈએ. જો તમે આમ કરો, તો ઈશ્વરનું હલવાન તમને પોતાના લોહીથી ધોઈને શુદ્ધ કરશે, અને તમને નવું જીવન પમાડશે, જેથી તમે અમારી સાથે સ્વર્ગમાં રહી શકો, અને નર્કની યાતનાઓમાંથી બચી જાઓ."

ખૂનીએ જવાબમાં કહ્યું, "મને મારાં પાપ કબૂલ કરવાની જરૂર નથી, કારણ કે તે તમામ જાહેર છે. પૃથ્વી ઉપર હું તે ગુપ્ત રાખી શક્યો, પરંતુ અહીં એ શક્ય નથી. હું તમારા જેવા સંતો સાથે સ્વર્ગમાં રહેવા માગું છું. પરંતુ જ્યારે હું આત્માઓના જગતનો સ્વયં પ્રગટતો ઝાંખો પ્રકાશ સહન કરી શકતો નથી, તો પછી આ અનુપમ પ્રકાશ તથા સ્વયં પ્રકાશિત આ મહિમાવંત સ્થાનમાં મારી શી દશા થાય! મારી મોટામાં મોટી અડચણ આ છે કે, પાપોને કારણે મારું અંતઃકરણ એવું કુંઠિત થઈ ગયું છે કે, પસ્તાવો કરીને ઈશ્વર ગમ ફરવાની પ્રેરણા મને આપતું નથી. મારામાં જાણે કે પસ્તાવો કરવાની શક્તિ જ રહી નથી. હવે કંઈ બાકી રહ્યું નથી.

ફક્ત મને અહીંથી હંમેશને માટે હાંકી કાઢવો રહ્યો. મારી દુર્દશા માટે અફસોસ છે!" જ્યારે તે આમ બોલી રહ્યો, ત્યારે તે ગબડી પડ્યો, અને તેના ભૂંડા સાગરીતો તેને અંધકારમાં ઘસડી ગયા. પછી એક દૂતે કહ્યું, "જોયું! અહીં કોઈને પણ કોઈને દોષિત ઠરાવવાની ઘોષણા કરવી પડતી નથી. એક પાપીનું જીવન સ્વયં પોતાને દોષિત ઠરાવે છે. તેને કંઈ કહેવાની કે તેની વિરુદ્ધ કોઈ સાક્ષીની જરૂર પડતી નથી. કેટલેક અંશે પૃથ્વી ઉપર જ પાપીના હૃદયમાં શિક્ષાની શરૂઆત થઈ જાય છે; પરંતુ અહીં આવ્યા પછી તેની સંપૂર્ણ અસર તેમને દેખાય છે. પરમેશ્વરની વ્યવસ્થા અહીં એવી છે કે, બકરાં અને ઘેટાં — એટલે કે પાપીઓ અને ન્યાયીઓ — પોતાની મેળે છૂટા પડી જાય છે. ઈશ્વરે મનુષ્યને પ્રકાશમાં રહેવા ઉત્પન્ન કર્યું, જ્યાં તેનું આત્મિક સ્વાસ્થ્ય અને આનંદ કાયમ માટે સ્થાપી દેવામાં આવે છે. આથી નર્કના અંધકારમાં કોઈ આનંદી રહી શકે નહિ, અને પાપથી વિકૃત જીવનને કારણે તે પ્રકાશમાં પણ આનંદી રહી શકે નહિ. આથી જ્યાં કંઈ પણ પાપી જશે ત્યાં તેને નર્ક જણાશે. ન્યાયીઓની સ્થિતિ કેવી ઊલટી છે, જે પાપથી છુટકારો પામતાં દરેક જગ્યાએ સ્વર્ગ અનુભવે છે."

## એક જૂઠી વ્યક્તિનો આત્મા

પૃથ્વી ઉપર એક માણસ હતો, જેને જૂઠું બોલવાની એવી ટેવ પડી ગઈ હતી કે, તે તેની પ્રકૃતિ બની ગઈ હતી. જ્યારે તે મૃત્યુ પામ્યો અને આત્માઓની સૃષ્ટિમાં પ્રવેશ્યો, ત્યારે ટેવ પ્રમાણે જૂઠું બોલવાનો પ્રયાસ કર્યો. પરંતુ તેના બોલ્યા અગાઉ તેના વિચારો બધા જાણતા હતા, આથી તેને ઘણી શરમ લાગી. ત્યાં કોઈ ઢોંગ કરી શકે નહિ, કારણ કે કોઈના પણ વિચારો ગુપ્ત રહી શકતા નથી. આત્મા જ્યારે શરીર છોડે છે, ત્યારે પાપની છાપ લેતો જાય છે, અને જ્યારે સ્વર્ગીય પ્રકાશમાં નગ્ન જેવો ઊભો રહે છે, ત્યારે બધા

તેનાં પાપ જોઈ શકે છે, અને તેના જ સભ્યો તેની વિરુદ્ધ સાક્ષી આપે છે. પ્રભુ ઈસુના લોહી સિવાય બીજું કંઈ પણ પાપના ડાઘ ધોઈ શકતું નથી.

જ્યારે આ માણસ પૃથ્વી ઉપર હતો ત્યારે નિયમિત રીતે તે ખરાનું ખોટું, અને ખોટાનું ખરું, બતાવવાની કોશિશ કરતો હતો. પરંતુ તેના શારીરિક મૃત્યુ બાદ તેણે જાણ્યું કે, સત્યને અસત્યમાં ફેરવવાની શક્યતા કદી હતી નહિ, અને હશે પણ નહિ. જે જૂઠું બોલે છે તે બીજા કોઈને નહિ, પણ પોતાને જ છેતરે છે. આથી આ માણસે જૂઠું બોલીને પોતાના હૃદયમાંથી સત્યની સૂઝશક્તિને મારી નાંખી હતી. મેં તેના તરફ જોયું. તે પોતાના છળકપટમાં એવો ફસાયેલો હતો કે, ઉપરથી જે પ્રકાશ આવતો હતો તે તરફથી તેણે મોં ફેરવી લીધું, અને દોડીને નીચે અંધકારમાં ગયો જ્યાં તેના જૂઠું બોલવાના ગંદા પ્રેમને તેના જેવી પ્રકૃતિવાળા આત્માઓ સિવાય બીજું કોઈ તે જોઈ ન શકે. સત્ય હંમેશાં સત્ય હોય છે, અને તેણે જ આ માણસને તેના જૂઠાણા માટે દોષિત ઠરાવ્યો, અને જૂઠ માટેની યોગ્ય શિક્ષા ફરમાવી.

## એક વ્યભિચારીનો આત્મા

એક વ્યભિચારીનો આત્મા, જે તાજેતરમાં જ આત્માઓના જગતમાં પ્રવેશ્યો હતો તેને મેં જોયો. તરસથી પીડાતા એક મનુષ્ય માફક તેની જીભ બહાર લટકતી હતી, તેનાં નસકોરાં ફૂલી ગયાં હતાં, અને જાણે કે તેની અંદર કોઈ અગ્નિ સળગતો હોય, તે પ્રમાણે પોતાના હાથને પછાડી રહ્યો હતો. તેનો દેખાવ એવો દુષ્ટ અને ભયાનક હતો કે, તેના તરફ જોવાનું મને મન ન થાય. તમામ મોજશોખ અને વિષયવાસના પૃથ્વી ઉપર છોડીને આવ્યો હતો, અને હવે એક ગાંડા કૂતરાની માફક તે એક ઉન્મત્ત અવસ્થામાં અહીંતહીં ભટકીને બરાડતો હતો કે, "આ જીવન શાપિત હો! આ પીડાનો

અંત લાવવા અહીં કોઈ મૃત્યુ પણ નથી, અને આત્મા પણ મરી જતો નથી; નહિ તો હું પોતે જ જેમ પૃથ્વી ઉપર પિસ્તોલથી આત્મહત્યા કરી, તેમ અહીં પણ તમામ મુસીબતોથી બચવા આત્મહત્યા કરું. પરંતુ અહીંની પીડા પૃથ્વી ઉપરની પીડા કરતાં અનેકગણી વધારે છે! હું હવે શું કરું?" આમ બોલીને તેણે અંધકાર તરફ દોટ મૂકી અને અદૃશ્ય થઈ ગયો, જ્યાં તેના જેવી પ્રકૃતિવાળા બીજા ઘણા આત્માઓ હતા.

એક સંતે કહ્યું, "એક દુષ્ટ કાર્ય પાપ તો છે, પરંતુ દુષ્ટ વિચાર અને દુષ્ટ દૃષ્ટિ પણ પાપ જ છે. આ પાપ કોઈ અજાણી સ્ત્રી સાથે વિષયભોગ કરવો એટલું જ મર્યાદિત નથી, પરંતુ પોતાની પત્ની સાથે પણ પશુઓ માફક વિષયભોગ કરવો તે પણ પાપ છે. એક સ્ત્રી અને એક પુરુષ, કેવળ વિષયવાસના સંતોષવા માટે જ એક બંધનથી બંધાતાં નથી, પરંતુ તેઓ એકબીજાની સહાયતા અને સહારા માટે સાથે જોડાય છે જેથી તેઓ તેમનાં બાળકો સાથે પોતાનાં જીવનો મનુષ્યની સેવામાં અને ઈશ્વરના મહિમા અર્થે વાપરી શકે. જે વ્યક્તિ આ ઉદ્દેશમાંથી ચલિત થાય છે તે વ્યભિચારના પાપથી દોષિત ઠરે છે."

## એક લૂંટારાનો આત્મા

એક લૂંટારો મૃત્યુ પામ્યો અને આત્માઓની સૃષ્ટિમાં પ્રવેશ્યો. પ્રથમ તો તેણે પોતાની સ્થિતિમાં અથવા તેની આસપાસ જે આત્માઓ હતા તેમાં રસ ન લીધો, પરંતુ પોતાની ટેવ પ્રમાણે ત્યાંની મૂલ્યવાન વસ્તુઓ એકત્ર કરવાનો વિચાર કર્યો. પરંતુ તેને અચરત થયું કે, આત્માઓની સૃષ્ટિમાં તમામ વસ્તુઓ બોલતી અને પોતાનાં અનુચિત કાર્યો માટે દોષિત ઠરાવવા લાગી. તેની પ્રકૃતિ એટલી કલુષિત થઈ ચૂકી હતી કે એ વસ્તુઓનો સાચો ઉપયોગ તે જાણતો ન હતો, અને તેના યોગ્ય ઉપયોગ માટે પણ તે લાયક ન હતો. પૃથ્વી ઉપર

તેની ઉત્કંઠા એટલી પ્રચંડ હતી કે એક નજીવા કારણ માટે પણ તે ક્રોધે ભરાઈને તેનો વિરોધ કરનાર વ્યકિતનું ખૂન કરી બેસતો હતો અથવા તેને ઘાયલ કરતો હતો. હવે આ આત્માઓની સૃષ્ટિમાં પણ તે એવી જ રીતે વર્તવા લાગ્યો. જે આત્માઓ તેને ઉપદેશ આપવા આવ્યા તેઓની સામે થયો, જાણે કે એક જંગલી કૂતરો તેના માલિક સમક્ષ પણ બીજાને ફાડી નાંખે તેમ તે આત્માઓને પણ ચીરી નાંખે. આ જોઈ એક દૂતે કહ્યું, "જો આવા પ્રકારના આત્માઓને અંધકારમાં તળિયા વગરના ખાડામાં ન રાખ્યા હોય, તો તેઓ જ્યાં કંઈ જાય ત્યાં પુષ્કળ નુકસાન પહોંચાડત. આ માણસનું અંતઃકરણ એવું નિર્જીવ છે કે આત્માઓની સૃષ્ટિમાં પહોંચ્યા પછી પણ તે સમજી શકતો નથી કે દુનિયાની લૂંટફાટ અને ખૂનોને કારણે તેણે પોતાની આત્મિક મિલકત વેડફી દીધી છે, અને પોતાની આત્મિક પરખશકિત અને જીવન નષ્ટ કર્યાં છે. તેણે બીજાઓને મારી નાંખીને નષ્ટ કર્યાં, પરંતુ વાસ્તવમાં તેણે પોતાનો જ વિનાશ કર્યો છે. ફકત ઈશ્વર એકલો જ જાણે છે કે આ વ્યકિત અને તેના જેવા બીજાઓ દુઃખ – પીડામાં યુગો સુધી રહેશે કે અનંતકાળ સુધી."

ત્યાર બાદ જે દૂતોને તેની ફરજ સોંપવામાં આવી હતી, તેઓ તેને લઈ ગયા, અને અંધકારમાં પૂર્યો, જેમાંથી તેને બહાર નીકળવાની રજા નથી. એ સ્થાનમાં દુષ્ટ કર્મો કરનારાઓની સ્થિતિ એટલી ભયાનક, અને તેઓની પીડા એવી અસહ્ય છે કે જેઓ તેમને જુએ છે તેઓ થરથર ધ્રૂજે છે.

આ પૃથ્વીની આપણી ભાષા મર્યાદિત છે, આ કારણથી આપણે એટલું જ કહી શકીએ છીએ કે, જ્યાં કંઈ પાપીનો આત્મા છે, ત્યાં દરેક પ્રકારે અને હરહંમેશ પીડા સિવાય બીજું કંઈ જ નથી, જે એક ક્ષણ માટે પણ અટકતી નથી. પ્રકાશરહિત અગ્નિ નિરંતર સળગે છે અને આ આત્માઓને પીડે છે, પરંતુ તેઓ સળગી જતા

નથી કે અગ્નિ હોલવાતો નથી. એક આત્મા જે આ બધું જોતો હતો તેણે કહ્યું, "કોણ જાણે છે કે, અંતમાં આ અગ્નિ, શુદ્ધ કરનાર અગ્નિ ન બની રહે?"

આત્માઓની સૃષ્ટિનો અંધારો ભાગ જે નર્ક કહેવાય છે તેમાં અનેક શ્રેણી અને કક્ષા છે, અને જે કક્ષામાં પાપીના આત્માને મૂકવામાં આવે છે તે તેનાં પાપોની સંખ્યા અને પ્રકાર ઉપર આધારિત હોય છે. આ સત્ય છે કે, ઈશ્વરે બધાને પોતાની, એટલે પોતાના પુત્રની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કર્યાં (ઉત્પત્તિ ૧ : ૨૬, ૨૭; કોલોસી ૧ : ૧૫), છતાં પોતાના પાપને કારણે તેઓએ એ પ્રતિમા કુરૂપ, બેડોળ અને દુષ્ટ બનાવી છે. તેઓ પાસે ખરેખર આત્મિક શરીર છે, પરંતુ તે અત્યંત ધૃણાસ્પદ અને ભયંકર છે, અને જો સાચા પસ્તાવાથી અને પ્રભુની કૃપાથી જો તેનો પુનરુદ્ધાર ન કરે, તો એ જ ભયંકર દશામાં તેઓને સદાની પીડામાં રહેવું પડશે. ★

# ન્યાયીઓની સ્થિતિ અને તેઓનો મહિમાવંત અંત

સાચા વિશ્વાસીઓનાં જીવનમાં, સ્વર્ગ અને દેવના રાજ્યની આ પૃથ્વી ઉપર જ શરૂઆત થાય છે. અને તેઓને ગમે તે મુશ્કેલીઓ અને સતાવણી સહન કરવી પડે, પરંતુ તેઓનાં જીવન હંમેશાં શાંતિ અને આનંદથી ભરેલાં હોય છે; કારણ કે ઈશ્વર જે શાંતિ અને પ્રેમનું મૂળ છે, તે તેઓમાં વસે છે. તેઓ માટે મરણ, મરણ હોતું નથી, પરંતુ સનાતન ઘરમાં પેસવાનું એ તેમનું સદાનું પ્રવેશદ્વાર છે. અથવા એમ કહી શકીએ કે તેઓનો અનંત રાજ્યમાં નવો જન્મ થયો છે. છતાં જ્યારે આત્મા શરીરનો ત્યાગ કરે છે, ત્યારે એ દિવસ તેમના માટે મરણનો નહિ, પરંતુ આત્મિક સૃષ્ટિમાં જન્મવાનો દિવસ છે; અને જેમ નીચેનાં ઉદાહરણોમાં બતાવવામાં આવ્યું છે તેમ એ સમય તેમના માટે સર્વોચ્ચ આનંદનો હોય છે.

## એક ન્યાયી મનુષ્યનું મૃત્યુ

એક દૂતે મારી આગળ વર્ણવ્યું કે, એક સાચો ખ્રિસ્તી જેણે પૂર્ણ હૃદયથી પોતાના સ્વામીની ત્રીસ વર્ષ સુધી સેવા કરી હતી, તે મૃત્યુશય્યા ઉપર પડેલો હતો. તેના મૃત્યુની થોડી મિનિટો અગાઉ ઈશ્વરે તેની આત્મિક આંખો ઉઘાડી જેથી મૃત્યુ પામ્યા અગાઉ પણ તે આત્મિક સૃષ્ટિ જોઈ શકે, અને પોતે જે જોયું તેનું વર્ણન બીજાઓને કરી શકે. તેણે જોયું કે સ્વર્ગ તેને માટે ખુલ્લું હતું, અને દૂતો અને સંતોનું એક જૂથ તેને સત્કારવા આવી રહ્યું હતું. દરવાજે તારનાર પોતે હાથ લંબાવીને તેને સત્કારવાની રાહ જોતા હતા. આ

દૃશ્ય જ્યારે તેની આગળ ખુલ્લું થયું, ત્યારે તે આનંદથી બૂમ પાડી ઊઠ્યો, જેથી તેના બિછાના પાસે હાજર રહેલાઓ ચમકી ગયા. "આ મારા માટે કેવો આનંદનો અવસર છે!" તેણે કહ્યું, "હું ઘણા સમયથી રાહ જોતો હતો કે હું મારા પ્રભુને જોઈ શકું, અને તેની પાસે જાઉં. ઓ મિત્રો! જુઓ! તેનો ચહેરો પ્રેમથી કેવો પ્રકાશી રહ્યો છે! અને પેલા દૂતોને જુઓ, જેઓ મને સત્કારવા આવ્યા છે! એ કેટલી મહિમાવંત જગ્યા છે! મિત્રો, હું મારા વાસ્તવિક ઘેર જઈ રહ્યો છું. મારા મૃત્યુ બાદ શોક કરવાને બદલે આનંદ કરજો!"

બિછાના પાસે હાજર રહેલાઓમાંથી એકે ધીમેથી કહ્યું, "તેનું મન ચકરાવે ચઢ્યું છે." પેલા માણસે એ ધીમો અવાજ સાંભળ્યો અને કહ્યું, "ના, જી, એ ખરું નથી, હું બિલકુલ ભાનમાં છું. હું ઇચ્છું છું કે તમે પણ આ અજાયબ દૃશ્ય જોઈ શકો. હું દિલગીર છું કે આ દૃશ્ય તમારી આંખોથી ઢંકાયેલું છે. આવજો, હવે આપણે ફરીથી નવી દુનિયામાં મળીશું." આમ કહીને તેણે આંખો બંધ કરી અને કહ્યું, "પ્રભુ, હું મારો આત્મા તમારા હાથમાં સોંપું છું," અને તે ઊંઘી ગયો.

## તેનાં પ્રિયજનોને દિલાસો

તેનો આત્મા તેના ખોળિયામાંથી બહાર નીકળ્યો કે તરત જ દૂતોએ તેને હાથ ઉપર ઝીલી લીધો, અને તેઓ સ્વર્ગ તરફ ઊડવાની તૈયારીમાં હતા, પરંતુ તે માણસે તેઓને થોડી મિનિટ થોભવા કહ્યું. તેણે પોતાનું નિર્જીવ શરીર જોયું, પોતાના મિત્રો જોયા અને દૂતોને કહ્યું, "મને ખબર ન હતી કે મૃત્યુ બાદ આત્મા તેનું દૈહિક શરીર અને મિત્રોને જોઈ શકે. હું ઇચ્છું છું કે, હું જેમ મારા મિત્રોને જોઈ રહ્યો છું, તેવી રીતે મારા મિત્રો પણ મને જોઈ શકે, જેથી તેઓ મને મૃત્યુ પામેલો ન ગણે, અને અત્યારે કરે છે તેવો વિલાપ પણ ન કરે. પછી તેણે પોતાનું આત્મિક શરીર તપાસ્યું અને તેને જણાયું

કે તે સુંદર, હલકું અને નાજુક છે, અને તેના દૈહિક શરીર કરતાં ઘણું જુદું છે. તેણે પોતાના ઠંડા પડી ગયેલા મૃત શરીરને રડીને ચુંબન કરતાં પોતાની સ્ત્રી અને બાળકોને ખસેડવાનો પ્રયાસ કર્યો. તેણે પોતાના નાજુક આત્મિક હાથ લંબાવ્યા, અને તેઓને સમજાવવાનું શરૂ કર્યું. ઘણા પ્રેમથી તે તેઓને શરીરથી દૂર ખસેડવા લાગ્યો, પરંતુ તેઓ તેને જોઈ શકતા ન હતા કે તેનો સાદ સાંભળી શકતા ન હતા. જ્યારે તેણે પોતાનાં બાળકોને મૃત શરીરથી દૂર ખસેડવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેને લાગ્યું કે, તેના હાથ તેઓના શરીરની આરપાર નીકળી જતા હતા, જાણે કે તેઓ હવા જેવા હતા, પરંતુ તેઓને કંઈ લાગ્યું નહિ. પછી એક દૂતે કહ્યું, "ચાલો, અમે તમને તમારા સનાતન ઘેર પહોંચાડીએ; તેઓ માટે દુઃખી થશો નહિ. ઈશ્વર પોતે, અને અમે પણ તેમને દિલાસો આપીશું. આ વિદાય ફક્ત થોડા દિવસની છે."

પછી દૂતોની સંગાથે તે સ્વર્ગ ભણી ચાલી નીકળ્યો. તેઓએ ફક્ત થોડું જ અંતર કાપ્યું હતું એટલામાં દૂતોનો એક બીજો સમુદાય તેમને ભેટ્યો, અને આવકાર આપ્યો. ઘણાં પ્રિયજનો અને મિત્રો જેઓ તેની પહેલાં મૃત્યુ પામ્યાં હતાં, તેઓ પણ મળ્યાં. આ બધાંને જોઈને તેનો આનંદ વધી ગયો. સ્વર્ગના દરવાજે પહોંચતાં, દૂતો અને સંતો બન્ને બાજુએ શાંત ઊભા રહ્યા. તે દાખલ થયો અને દરવાજામાં પ્રભુ ઈસુને મળ્યો. તે તરત જ પગે પડીને તેનું ભજન કરવા લાગ્યો, પરંતુ પ્રભુએ તેને ઊભો કર્યો, અને તેને ભેટતાં કહ્યું, "શાબાશ, મારા ભલા તથા વિશ્વાસુ ચાકર, તારા પ્રભુના આનંદમાં પેસ." આથી તે માણસનો આનંદ અવર્ણનીય બની ગયો; તેની આંખમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં, અને ઘણા પ્રેમથી પ્રભુએ તે આંસુ લૂછ્યાં, અને દૂતોને કહ્યું, "મારા સેવકને તેના સૌથી મહિમાવંત સ્થાનમાં પહોંચાડો, જે તેને માટે અગાઉથી તૈયાર રાખવામાં આવ્યું છે."

આ માણસના આત્મામાં હજુ પણ પૃથ્વી ઉપરના સંસારનો આ વિચાર હતો કે દૂતો સાથે જવામાં તેની પીઠ પ્રભુ તરફ ફરશે અને આથી તે પ્રભુનું અપમાન કરવા જેવું ગણાશે. તે જવામાં અચકાતો હતો, પરંતુ છેવટે જ્યારે તેણે પોતાનું મુખ પેલા સ્વર્ગીય ભવન તરફ ફેરવ્યું, ત્યારે તેને નવાઈ લાગી કે, ગમે તે તરફ તે જોતો પરંતુ સામે જ પ્રભુ દેખાતા હતા. પ્રભુ ઈસુ બધી જગ્યાએ હાજર છે, અને દરેક જગ્યાએ દૂતો અને સંતો તેને જોઈ શકે છે. પ્રભુને જોવાના આનંદ ઉપરાંત તેને બીજો આનંદ પણ થયો કે ચારે તરફનું વાતાવરણ આનંદિત હતું. અને જેઓ આત્મિક જીવનમાં સૌથી નીચલી કક્ષાએ હતા, તેઓ પણ કોઈ પ્રકારના દ્વેષભાવ વગર ઉપલી કક્ષાના આત્માઓને મળતા હતા. અને જેઓ ઊંચી કક્ષામાં હતા તેઓ પોતાને ભાગ્યશાળી સમજતા હતા કે તેઓ નીચલી કક્ષાના ભાઈઓને મદદ કરી શકે, કારણ કે આ તો દેવનું અને પ્રેમનું રાજ્ય હતું.

સ્વર્ગના દરેક ભાગમાં અનુપમ બાગ છે, જેમાં બારેમાસ જુદી જુદી જાતનાં પૌષ્ટિક ફળો ઉત્પન્ન થાય છે, અને સુગંધી ફૂલો ખીલે છે જે કદી કરમાતાં નથી. બાગમાં રહેનાર તમામ જીવો નિરંતર પ્રભુની સ્તુતિ કરે છે. પક્ષીઓ, મધુર સંગીતથી સ્તુતિ કરે છે, અને દૂતો અને સંતોનું મધુર સંગીત એવું છે જે સાંભળવાથી અનુપમ આનંદની લહેરો ઊઠતી અનુભવાય છે. કોઈ ગમે ત્યાં જુએ પરંતુ અમર્યાદિત આનંદનાં દશ્યો સિવાય બીજું કંઈજ દેખાતું નથી. વાસ્તવિક રીતે, આ સ્વર્ગ છે, જે પરમેશ્વરે તેના ઉપર પ્રેમ કરનારાઓ માટે બનાવ્યું છે અને જ્યાં મૃત્યુની છાયા નથી, ત્યાં નથી ભૂલ કે પાપ, નથી પીડા કે સંતાપ, એ તો સંપૂર્ણ શાંતિ અને આનંદમય ધામ છે.

## સ્વર્ગનાં ભવન

આ માણસે પછી પોતાના માટે નક્કી કરેલ ભવન ઘણે દૂરથી અવલોકવા માંડયું, કારણ કે સ્વર્ગમાં બધી જ બાબતો આત્મિક છે,

અને આત્મિક આંખ, વચમાં આવતી કોઈ વસ્તુની આરપાર ગમે તેટલા અંતરેથી પણ જોઈ શકે છે. સ્વર્ગની તમામ અનંતતામાં પરમેશ્વરનો પ્રેમ જોઈ શકાય છે, અને તેમાં તેના તમામ જીવો તેની સ્તુતિ કરતા અને આભાર માનતા અમર્યાદિત આનંદિત સ્થિતિમાં જોઈ શકાય છે. દૂતોની સંગાથે, જ્યારે આ મનુષ્ય પોતાના માટે મુકરર કરેલ ભવનના દરવાજે આવ્યો, ત્યારે સોનેરી અક્ષરોએ લખાયેલું તેણે વાંચ્યું, 'ભલે પધારો' અને આ શબ્દોમાંથી પણ વારંવાર, 'ભલે પધારો,' 'ભલે પધારો'ના ધ્વનિ ઊઠતા હતા. જ્યારે તે પોતાના ભવનમાં દાખલ થયો, ત્યારે નવાઈ વચ્ચે તેણે પ્રભુને પોતાની આગળ જોયા. આથી તેનો આનંદ અકથનીય બની ગયો, અને મુખમાંથી ઉદ્‌ગારો નીકળ્યા, "હું પ્રભુની હાજરીમાંથી નીકળીને તેમના આદેશ પ્રમાણે અહીં આવ્યો, પરંતુ હું જોઈ શકું છું કે, પ્રભુ પોતે જ અહીં મારી સાથે રહેવા આવ્યા છે." તે કલ્પના કરી શકે તેવી તમામ ચીજો આ ભવનમાં ઉપલબ્ધ હતી, દરેક વ્યક્તિ તેની સેવા માટે તૈયાર હતી. બાજુનાં ભવનોમાં તેના જેવી પ્રકૃતિવાળા સંતો પ્રેમી સંગતમાં રહેતા હતા. આ સ્વર્ગીય ઘર તે એવું એક રાજ્ય હતું જે સંતો માટે જગતનો પાયો નાખ્યા અગાઉ તૈયાર કરવામાં આવ્યું હતું (માથ્થી ૨૫ : ૩૪), અને દરેક સાચા અનુયાયી માટે આ મહિમાવંત ભવિષ્ય રાહ જોઈ રહ્યું છે.

### એક ગર્વિષ્ઠ પાળક અને એક નમ્ર કારીગર

એક પાળક જે પોતાની જાતને અતિ વિદ્વાન અને ધાર્મિક માણસ સમજતો હતો, તે પાકટ વયે મૃત્યુ પામ્યો. તે સારો માણસ હતો તેમાં શક ન હતો. આત્માઓની સૃષ્ટિમાં તેને માટે પ્રભુએ મુકરર કરેલી જગ્યાએ તેને તેડી જવા માટે જ્યારે દૂતો આવ્યા, ત્યારે તેઓ તેને વચગાળાના મુકામ ઉપર લઈ આવ્યા, અને બીજા ઘણા ભલા આત્માઓ, જેઓ તાજેતરમાં આવ્યા હતા, તેઓની સાથે તેને ત્યાં બીજા દૂતો જેઓને ભલા આત્માઓને શિક્ષણ આપવાનું કાર્ય સોંપ્યું હતું, તેમની

પાસે મૂક્યો. પછી તેને તેડી લાવનાર દૂતો બીજા ભલા આત્માઓને દોરી લાવવા પાછા ગયા.

આ વચગાળાના મુકામમાં એકના ઉપર બીજા એવા ચડતી કક્ષાના મુકામો છે જે ઠેઠ ઉપલા સ્વર્ગ સુધી પહોંચે છે. કઈ કક્ષાના સ્વર્ગીય મુકામમાં અમુક વ્યક્તિને વધુ શિક્ષણ માટે મૂકવાની છે તે નક્કી કરવાનો આધાર તે વ્યક્તિ, પૃથ્વી ઉપર જે પ્રકારનું વાસ્તવિક સારું જીવન જીવી હોય, તેના ઉપર રહે છે. આ પાળકને તેમની કક્ષાના સ્થાને પહોંચાડીને જે દૂતો ચાલ્યા ગયા હતા, તેઓ બીજા એક ભલા આત્માને દોરીને પાછા આવ્યા, ત્યારે તેઓએ તે બીજા ભલા આત્માને પાળકની કક્ષાથી ચડિયાતી કક્ષામાં દાખલ કર્યો. આ જોઈને પેલો પાળક બરાડી ઊઠ્યો કે, "મહિમાવંત સ્થાનને બદલે અહીં મને અધવચ્ચે મૂકવાનો તમને શું હક છે? જ્યારે આવનાર આ બીજી વ્યક્તિને તમે વધારે ઉચ્ચ કક્ષામાં અને મહિમાવંત સ્થાનની વધારે નજદીક લઈ ગયા છો! ધાર્મિકપણામાં કે એવી બીજી કોઈપણ બાબતમાં હું એ વ્યક્તિ કરતાં અથવા તમારા કરતાં ઊતરતો નથી!" દૂતોએ જવાબ આપ્યો, "અહીં નાના-મોટાનો કે વધારે-ઓછાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પૃથ્વી ઉપર રહીને તેણે પોતાના જીવન અને વિશ્વાસથી જે કક્ષાની તૈયારી કરી હોય, તેમાં જ તેને દાખલ કરવામાં આવે છે. એ ઉચ્ચ કક્ષા માટે હજુ તમે લાયક નથી, આથી આ કક્ષામાં થોડો વધુ સમય રોકાઈને અમારા સાથીદારો મારફતે જે શિક્ષણ આપવામાં આવે છે તે ગ્રહણ કરવું પડશે. ત્યાર બાદ પરમેશ્વર હુકમ કરશે તો ઘણી ખુશીથી અમે તમને અમારી સાથે વધુ ઉચ્ચ કક્ષામાં પહોંચાડીશું." તેણે જવાબ આપ્યો, "મારી આખી જિંદગીભર સ્વર્ગમાં કેમ પ્રવેશવું તેનું હું બીજાઓને શિક્ષણ આપતો રહ્યો છું; હવે એથી વિશેષ મારે અહીં શું શીખવાનું બાકી છે? હું બધું જ જાણું છું." ત્યારે શિક્ષણ આપનાર દૂતે કહ્યું, "આ દૂતોને રોકો નહિ; તેઓને ઉપર જવા દો, પરંતુ અમે તમારા પ્રશ્નોના ઉત્તર આપીશું.

મારા મિત્ર, જો અમે ચોખ્ખી વાત કરીએ, તો ખોટું લગાડશો નહિ; કારણ કે એ તમારા ભલા માટે છે. તમે એમ ધારો છો કે, તમે અહીં એકલા જ છો ? પરંતુ તમે જોઈ શકતા નથી એવા પરમેશ્વર પણ અહીં મોજૂદ છે. તમે અભિમાનથી એમ કહ્યું કે, " હું આ સંબંધી બધું જાણું છું," આને કારણે જ તમે પરમેશ્વરને જોઈ શકતા નથી કે ઉચ્ચ કક્ષામાં દાખલ થઈ શકતા નથી. આ અભિમાનનો ઉપચાર નમ્રતા છે. એનો અમલ કરો, અને તમારી ઇચ્છાઓ પૂરી કરવામાં આવશે." ત્યાર બાદ એક દૂતે કહ્યું, "જે માણસને તમારા કરતાં ઉચ્ચ કક્ષામાં દાખલ કરવામાં આવ્યો છે તે કોઈ જાણીતો કે વિદ્વાન માણસ ન હતો. તમે તેના તરફ બારીકાઈથી જોયું નથી. તે તમારી જ મંડળીનો સભાસદ હતો. લોકો તેને ભાગ્યે જ ઓળખતા હતા. કારણ કે તે એક સામાન્ય કારીગર હતો, અને કામમાંથી તેને ફુરસદનો સમય મળતો ન હતો, પરંતુ તેના કારખાનામાં ઘણા તેને ઉદ્યમી અને પ્રામાણિક કારીગર તરીકે ઓળખતા હતા. તેઓ તેની સાથે સંપર્કમાં હતા. તેઓ બધા તેના ખ્રિસ્તી સ્વભાવથી પરિચિત હતા. યુદ્ધ દરમ્યાન ફ્રાન્સમાં તેને કામગીરી સોંપાઈ હતી. ત્યાં, જ્યારે એક ઘવાયેલ સૈનિકની તે સારવાર કરતો હતો, ત્યારે તેને ગોળી વાગી અને તે મૃત્યુ પામ્યો. જો કે તેનું મરણ ઓચિંતું હતું છતાં તે એ માટે તૈયાર હતો, આથી તેને તમારા જેટલો સમય આ વચગાળાના મુકામમાં રહેવું નહિ પડે. તેને મળેલ બઢતીમાં કોઈ પક્ષપાત નહિ, પરંતુ તેની આત્મિક યોગ્યતા કારણભૂત છે. પૃથ્વી ઉપરના તેના પ્રાર્થનાવાદી જીવન અને નમ્રતાએ તેને મહદ્ અંશે, આત્મિક સૃષ્ટિ માટે તૈયાર કર્યો. હવે તે મુકરર સ્થાને પહોંચીને આનંદ કરે છે, અને પરમેશ્વરની સ્તુતિ કરે છે, અને આભાર માને છે, જેણે તેની દયાથી તેનો ઉદ્ધાર કરીને સનાતન જીવન બક્ષ્યું છે."

## સ્વર્ગીય જીવન

સ્વર્ગમાં કોઈ કદી ઢોંગી હોઈ શકે નહિ, કારણ કે બધાં જ બીજાઓનાં જીવન જેવાં છે તેવાં જ જોઈ શકે છે. મહિમાવંત પ્રભુ ઈસુ ખ્રિસ્તમાંથી તમામ બાબત સ્પષ્ટ બતાવનાર મહિમાવંત પ્રકાશની નદી વહે છે, તેથી દુષ્ટો તેમના પશ્ચાત્તાપમાં પોતાને સંતાડવાની કોશિશ કરે છે. પરંતુ ન્યાયીઓને તો તે બાપના પ્રકાશના રાજ્યમાં વસવાટ કરવાના પુષ્કળ આનંદથી ભરે છે. ત્યાં તેમની ભલાઈ બધા સમક્ષ સુવિદિત છે, અને તેમાં રોજ વૃદ્ધિ થતી રહે છે; કારણ કે ત્યાં એવી કોઈ વસ્તુ નથી જેનાથી તેમની વૃદ્ધિ અટકે. ત્યાં જે કંઈ છે તે બધું જ તેમની પ્રગતિમાં સહાયક છે. ધર્મી વ્યક્તિના આત્માએ ભલાઈમાં કેટલા અંશે પ્રગતિ કરી છે, તે તેના વ્યક્તિત્વમાંથી નીકળતા પ્રકાશથી જાહેર થાય છે. ચારિત્ર અને સ્વભાવ મેઘધનુષના જુદા જુદા પ્રકાશના રંગો માફક પોતાનો મહિમા પ્રગટ કરે છે. સ્વર્ગમાં અદેખાઈ નથી. બધા જ બીજાની આત્મિક ઊંચાઈ અને મહિમા જોઈને રાજી થાય છે, અને નિઃસ્વાર્થ ભાવે એકબીજાની સેવા કરવામાં ગૌરવ માને છે. સ્વર્ગમાંની અસંખ્ય ભેટો અને આશીર્વાદો એ બધાના સામાન્ય વપરાશ માટે છે. કોઈપણ વ્યક્તિ સ્વાર્થને કારણે પોતા માટે જ કોઈ ચીજ રાખવાની ઇચ્છા રાખતી નથી; અને ત્યાં દરેક વસ્તુ બધાને માટે પૂરતા પ્રમાણમાં છે.

પરમેશ્વર, જે પ્રેમ છે, તેનું વ્યકિતત્વ ઉચ્ચતમ સ્વર્ગમાં સિંહાસને બિરાજેલા પ્રભુ ઈસુમાં જોવામાં આવે છે, જે 'ન્યાયીપણાનો સૂર્ય' તથા 'જગતનું અજવાળું' છે. તેનામાંથી સ્વાસ્થ્ય પમાડનાર અને જીવનદાયક કિરણો અને પ્રેમ તથા પ્રકાશનાં મોજાં તેની સૃષ્ટિના છેડા સુધી વહેતાં દેખાય છે. આ પ્રવાહ તેના પ્રત્યેક દૂત અને સંતમાં થઈને વહે છે, અને જેને તેઓ સ્પર્શે છે, તેમાં જીવનશકિત અને પ્રફુલ્લિત કરનાર શકિત વહેવા માંડે છે.

સ્વર્ગમાં ઉત્તર–દક્ષિણ કે પૂર્વ–પશ્ચિમ નથી, પરંતુ, દરેક વ્યક્તિગત આત્માને કે દૂતને, પ્રભુ ઈસુનું સિંહાસન મધ્યમાં દેખાય છે.

દરેક પ્રકારનાં સુંદર અને પૌષ્ટિકારક ફળફૂલો પણ ત્યાં છે. આ ઉપરાંત ઘણા પ્રકારનાં આત્મિક ભોજનો પણ મળે છે. આ બધું આરોગતાં એક અનુપમ સુગંધ અને આનંદનો અનુભવ થાય છે, અને જ્યારે એ ખોરાક પાચન થાય છે, ત્યારે એક પ્રકારની મનોહર સુગંધ જેનાથી તમામ વાયુમંડળ સુગંધિત બને છે તે શરીરનાં છિદ્રો દ્વારા બહાર નીકળે છે.

ટૂંકમાં, સ્વર્ગના તમામ રહેવાસીઓની ઇચ્છા અને મનોકામના ઈશ્વરમાં પૂરી થાય છે, કારણ કે દરેક જીવનમાં ઈશ્વરની ઇચ્છા પૂર્ણ થાય છે. આથી તમામ પરિસ્થિતિમાં અને સ્વર્ગની તમામ કક્ષામાં દરેકને અજાયબ પ્રેમનો એક અપરિવર્તનશીલ અનુભવ થાય છે. ન્યાયીપણાનું ફળ સનાતન આનંદ અને આશીર્વાદ છે. ★

# ૭

## સૃષ્ટિ-રચનાનો હેતુ અને ધ્યેય

મારી આંખની અલ્સરની પીડાને કારણે થોડા માસ અગાઉ મારી ઓરડીમાં હું એકલો પડેલો હતો. પીડા એટલી બધી હતી કે, હું બીજું કંઈ કરી શકું એમ ન હતું, અને આથી મેં મારો સમય પ્રાર્થના અને મધ્યસ્થીમાં ગાળ્યો. એક દિવસ આ રીતે સમય પસાર કરવાની થોડી મિનિટોમાં જ આત્મિક જગત ખુલ્લું કરવામાં આવ્યું, અને મેં મારી આસપાસ પુષ્કળ દૂતો એકત્ર થયેલ જોયા. હું તરત જ મારી પીડા ભૂલી ગયો, કારણ કે મારું તમામ ધ્યાન તેઓમાં કેન્દ્રિત થયું. તેઓની સાથે પરસ્પર જે વાતચીત થઈ તેમાંના કેટલાક વિષયો અહીં વર્ણવું છું.

### સ્વર્ગનાં નામો

મેં દૂતોને પૂછ્યું, "તમે મને જણાવી શકશો કે, તમે કયા નામે ઓળખાઓ છો ?" એક દૂતે જવાબ આપ્યો, "અમારામાંના દરેકને એક નવું નામ આપવામાં આવ્યું છે, જે તે વ્યક્તિ અને ઈશ્વર સિવાય બીજું કોઈ જાણતું નથી. (પ્રકટી. ૨ : ૧૭). અહીંના અમે બધાએ જુદા જુદા દેશોમાં, જુદા જુદા યુગોમાં પરમેશ્વરની સેવા કરી છે, અને અમારાં નામ બીજાઓએ જાણવાં જોઈએ એવી કોઈ આવશ્યકતા નથી. અમારાં પૃથ્વી ઉપરનાં નામ અમારે જાહેર કરવાની પણ કોઈ જરૂર નથી. એ નામો જાણવાનું કદાચ રસપ્રદ બને, પરંતુ તેથી શું ? તેનો કોઈ ઉપયોગ નથી. બીજું કે, અમારાં નામ બીજા લોકો જાણે એવું પણ અમે ઇચ્છતા નથી, રખેને તેઓ અમને મોટા

માને, અને ઈશ્વરને બદલે અમને માન આપે. પરમેશ્વરે અમારા ઉપર પ્રેમ કર્યો અને અમને દુર્દશામાંથી આ અનંતસ્થાનમાં ઊંચે પહોંચાડયા જ્યાં અમે સદા તેની પ્રેમપૂર્ણ સંગતમાં રહીને તેની સ્તુતિ કરીએ —અને એ જ હેતુ બર લાવવા તેણે આપણને ઉત્પન્ન કર્યા છે."

## પરમેશ્વરનું દર્શન

મેં પૂછ્યું, "સ્વર્ગના આ ઉચ્ચતમ વાતાવરણમાં રહેનારા દૂતો અને સંતો શું હંમેશાં પરમેશ્વરનાં દર્શન કરે છે? અને જો તેઓ તેમને જોતા હોય તો તે કયા રૂપમાં તેમને દેખાય છે?"

સંતોમાંના એકે કહ્યું, "જેવી રીતે સમુદ્ર પાણીથી ભરેલો છે, એ જ રીતે સમસ્ત સૃષ્ટિ પરમેશ્વરથી ભરેલી છે, અને સ્વર્ગના હરેક રહેવાસી દરેક દિશામાં પરમેશ્વરની હાજરી અનુભવે છે. જ્યારે કોઈ પાણીમાં ડૂબકી મારે છે ત્યારે ઉપર-નીચે અને તેની ચારે બાજુ પાણી સિવાય બીજું કંઈ જ હોતું નથી. એ જ રીતે ઈશ્વરની હાજરી પણ સ્વર્ગમાં અનુભવાય છે. સમુદ્રના પાણીમાં જેવી રીતે અસંખ્ય જીવો છે તે પ્રમાણે અપરિમિત ઈશ્વરમાં જીવોનું અસ્તિત્વ છે. પરમેશ્વર અપરિમિત છે, આથી તેનાં સંતાનો જેઓ પરિમિત છે, તેઓ તેને પ્રભુ ઈસુના રૂપમાં જોઈ શકે છે. પ્રભુએ પોતે કહ્યું છે કે, 'જેઓએ મને જોયો છે, તેઓએ બાપને જોયો છે.' (યોહાન ૧૪ : ૯). આત્માઓની આ સૃષ્ટિમાં, પરમેશ્વરનાં દર્શન અને અનુભવવાનો આધાર કેટલી હદે તે આત્માની આત્મિક પ્રગતિ થઈ છે તેના ઉપર રહેલો છે. પ્રભુ ઈસુ પણ એ જ રીતે પોતાનું મહિમાવંત સ્વરૂપ, દરેક આત્માની આત્મિક પ્રગતિ અને આત્મિક ક્ષમતા પ્રમાણે પ્રગટ કરે છે. આત્મિક સૃષ્ટિના નીચલા થરના અંધકારના આત્માઓને જો પ્રભુ ઈસુ એ જ મહિમાવંત રૂપમાં દેખાય જે રીતે તે ઉચ્ચતમ સ્થાનના આત્માઓને દેખાય છે, તો નીચલી કક્ષાવાળા એ મહિમાવંત દશ્ય સહન ન કરી શકે. આથી જ તે પોતાના પ્રકટીકરણના

મહિમાવંત રૂપને દરેક વ્યક્તિના આત્માની ક્ષમતા અને તેની આત્મિક પ્રગતિ પ્રમાણે માફકસર રૂપમાં લાવે છે."

ત્યાર બાદ બીજા એક સંતે આગળ કહ્યું, "પરમેશ્વરની હાજરી અનુભવી શકાય છે, અને તેમાંથી આનંદ પણ મેળવી શકાય છે; પરંતુ તેનું શાબ્દિક વર્ણન થઈ શકતું નથી. જે પ્રમાણે મીઠાઈની મીઠાશ, વિસ્તારપૂર્વક વર્ણનથી નહિ, પણ ચાખવાથી જ ખબર પડે છે, એ જ પ્રમાણે સ્વર્ગમાંની દરેક વ્યક્તિ પરમેશ્વરની હાજરીનો આનંદ મેળવે છે. આત્મિક સૃષ્ટિની દરેક વ્યક્તિ જાણે છે કે, પરમેશ્વર સંબંધીનો તેનો અનુભવ વાસ્તવિક છે, અને આથી શાબ્દિક વર્ણન દ્વારા તેને સહાય કરવાની કોઈએ કોશિશ કરવાની જરૂર નથી."

## સ્વર્ગમાં અંતર

મેં પૂછ્યું, "સ્વર્ગના જુદા જુદા વાતાવરણ અથવા કક્ષા એક-બીજાથી કેટલે અંતરે કે દૂર છે? એક આત્માને બીજા વાતાવરણમાં રહેવાની પરવાનગી ન મળે તો શું તે જોવા ખાતર પણ બીજા વાતાવરણમાં જઈ શકે છે?"

સંતોમાંથી એકે કહ્યું, "જે કક્ષા કે વાતાવરણ માટે તેણે આત્મિક તૈયારી કરી હોય, તે કક્ષામાં જ તે આત્માને જગ્યા આપવામાં આવે છે. આમ છતાં, ટૂંકા સમય માટે તે બીજા વાતાવરણની મુલાકાત લઈ શકે છે. જ્યારે ઉચ્ચતમ વાતાવરણના આત્મા નીચલા થરમાં આવે છે, ત્યારે તેઓને એક જાતનું આત્મિક આવરણ આપવામાં આવે છે, જેથી તેઓના દેખાવના મહિમાથી નીચલા થરમાં અંધકારના વાતાવરણમાં રહેનાર આત્માઓ ભયભીત ન બને. એ જ પ્રમાણે જ્યારે નીચલી કક્ષાનો કોઈ આત્મા ઉપલી કક્ષામાં જોવા માટે જાય છે, ત્યારે તેને પણ એક આત્મિક આવરણ પહેરાવવામાં આવે છે, જેથી તે આ વાતાવરણનો પ્રકાશ અને મહિમા સહન કરી શકે."

સ્વર્ગમાં કોઈ ને અંતરનો અનુભવ થતો નથી, કારણ કે જ્યારે કોઈ વ્યક્તિ અમુક જગ્યાએ જવાની ઇચ્છા કરે છે ત્યારે તે તરત ત્યાં પહોંચી જાય છે. પૃથ્વી ઉપર જ અંતરનો અનુભવ થાય છે. જો કોઈ વ્યક્તિ કોઈ સંતોને બીજા વાતારણમાં જોવા ઇચ્છે તો ક્ષણ-માત્રમાં તે ત્યાં પહોંચી જાય છે, અથવા તે દૂરનો સંત તેની સન્મુખ હાજર થાય છે.

## કરમાઈ ગયેલી અંજીરી

મેં પૂછ્યું, "કોઈને કોઈ હેતુ માટે દરેક વસ્તુને ઉત્પન્ન કરવામાં આવે છે, પરંતુ કોઈવાર એમ લાગે છે કે, એ હેતુ સફળ થયો નથી. દાખલા તરીકે, અંજીરીનો હેતુ ફળ ઉપજાવવાનો હતો, પરંતુ જ્યારે પ્રભુને તેના ઉપરથી ફળ પ્રાપ્ત ન થયું, ત્યારે તેને ચીમળાવી નાંખી. શું તમે મને કહી શકશો કે, તેને ઉત્પન્ન કરવાનો હેતુ સફળ થયો કે નહિ ?"

એક સંતે જવાબ આપ્યો, "બેશક, તેનો હેતુ સફળ થયો હતો, અને અધિકપૂર્ણ રીતે પૂરો થયો હતો. જીવનનો પ્રભુ દરેકને એક ખાસ હેતુ માટે જીવન બક્ષે છે. પરંતુ જો તે હેતુ સફળ ન થાય, તો તેને જીવન પાછું લઈ લેવાની સત્તા છે, જેથી વધારે મોટો હેતુ પૂરો કરી શકાય. બીજાઓને શિક્ષણ આપવા અને ઊંચે લાવવા પરમેશ્વરના હજારો સેવકોએ પોતાનાં જીવનોનાં બલિદાન આપ્યાં છે. બીજાઓ માટે પોતાનાં જીવન હોમી દેવાથી તેઓએ તેમની મદદ કરી છે, અને પરમેશ્વરનો ઉચ્ચતમ હેતુ પાર પાડ્યો છે. આમ જો મનુષ્ય જે અંજીરી કરતાં મહાન છે, અને બીજા તમામ ઉત્પન્ન કરેલ જીવો કરતાં શ્રેષ્ઠ છે, તેને માટે પોતાનું જીવન બીજાઓ માટે હોમી દેવાનું એક ઉચિત અને ઉમદા કાર્ય હોય, તો પછી એક વૃક્ષને, ભૂલો કરતી એક પ્રજાના શિક્ષણ અને ચેતવણી માટે, પોતાનું જીવન અર્પી દેવું, કેવી રીતે અન્યાયી ગણી શકાય ? આ રીતે પ્રભુ

ઈસુએ આ અંજીરી મારફતે યહૂદીઓ અને આખી પૃથ્વીને એક મોટો પાઠ શીખવ્યો કે, જેઓનું જીવન ફળદાયી નથી, અને જે હેતુસર તેઓનું ઈશ્વરે સર્જન કર્યું, તે બર લાવવામાં નિષ્ફળ નીવડે, તો તેઓ પણ તદ્દન ચીમળાઈ જશે, અને વિનાશ વહોરશે."

ઇતિહાસના સત્ય બનાવો આપણને સ્પષ્ટ બતાવે છે કે, તે સમયનું ધર્માંધ અને સંકુચિત મનોવૃત્તિવાળું યહૂદી રાષ્ટ્રજીવન પોતાના ફળરહિત જીવનને કારણે અંજીરીની માફક ચીમળાઈ ગયું હતું. આ જ રીતે બીજાઓ જેઓ બહારથી ફળદાયી ભલે દેખાય, પરંતુ તેઓનું ફળરહિત જીવન બીજાઓ માટે છેતરપિંડીનું કારણ બને છે, અને આથી તે શાપિત બનીને નાશ પામશે. જો કોઈ એવો વિરોધ કરે કે, જ્યારે પ્રભુ ઈસુએ અંજીરીને શાપ દીધો, ત્યારે એ ફળની મોસમ ન હતી, અને આથી તેની ઉપર અંજીરની આશા રાખવી ન જોઈએ, તો તેણે આ યાદ રાખવું જોઈએ કે, સારાં કામ માટે કોઈ મોસમ નક્કી કરેલી નથી, કારણ કે બધી મોસમો અને સમય સમાન રીતે સારા કામ માટે છે, અને મનુષ્યે પોતે જ પોતાનું જીવન ફળદાયી બનાવવું જોઈએ, અને પોતાના સર્જનનો હેતુ સિદ્ધ કરવો જોઈએ.

## મનુષ્ય શું સ્વતંત્ર પ્રતિનિધિ છે?

મેં પ્રશ્ન કર્યો, "જો પરમેશ્વરે મનુષ્યો અને તમામ ઉત્પત્તિને સંપૂર્ણ બનાવી હોય, તો શું તે લાભકર્તા ન નીવડત? કારણ કે ત્યારે મનુષ્યો પાપ ન કરત, અને પાપને કારણે દુનિયામાં અનુભવાતાં દુઃખ અને પીડા પણ ન હોત, પરંતુ હવે સૃષ્ટિ મિથ્યા આડંબરને આધીન છે, અને આથી આપણને તમામ પ્રકારની પીડા ભોગવવી પડે છે."

એક દૂત જે ઉચ્ચતમ વાતાવરણમાંથી આવ્યો હતો અને ત્યાં ઉચ્ચસ્થાન ભોગવી રહ્યો હતો, તેણે જવાબ આપ્યો, "ઈશ્વરે મનુષ્યને એક યંત્રસમાન ઘડ્યું નથી જે પોતાની મેળે કામ કરતું રહે. તારા

અને ગ્રહો માફક પોતાના મુકરર કરેલા ફરવાના માર્ગની બહાર નીકળી ન જવાનું ભાવિ પણ તેને માટે નિર્ધારિત કર્યું નથી. ઈશ્વરે મનુષ્યને પોતાના રૂપ અને પ્રતિમા પ્રમાણે એક સ્વતંત્ર પ્રતિનિધિ ઘડીને તેને જ્ઞાન, સંકલ્પ અને સ્વતંત્રપણે કામ કરવાની શક્તિ આપી છે, અને આથી તે બીજી તમામ ઉત્પન્ન કરેલી વસ્તુઓ કરતાં શ્રેષ્ઠ છે. જો તે સ્વતંત્ર પ્રતિનિધિ ન હોત, તો તે પરમેશ્વરની સંગતિનો આનંદ પ્રાપ્ત કરી શકત નહિ. તેને સ્વર્ગીય આનંદનો અનુભવ પણ પ્રાપ્ત ન થાત, કારણ કે એવી પરિસ્થિતિમાં તે માત્ર એક યંત્ર હોત, જે અનુભવ વગરની અવસ્થામાં પોતાની જાણબહાર કામ કરત; અથવા તારાઓ માફક હોત, જે અપરિમિત અંતરિક્ષમાં પોતે પોતાના કાર્યથી અજાણ રહીને ઘૂમતા ફરે છે. પરંતુ મનુષ્ય એક સ્વતંત્ર પ્રતિનિધિ હોવાથી પોતાની પ્રકૃતિના બંધારણને કારણે આ જાતની આત્મા વગરની પૂર્ણતાનું વિરોધી છે, અને આ પ્રકારની પૂર્ણતા તે અપૂર્ણતા જ હોત, કારણ કે આવો મનુષ્ય એક માત્ર ગુલામ હોત, જેની પૂર્ણતા તેને અમુક કાર્ય કરવાની ફરજ પાડત, અને તેમ કરવામાં તેને કોઈ આનંદ પણ પ્રાપ્ત ન થાત, કારણ કે તેમાં તેની પોતાની પસંદગી ન હોત, અને તેને પથ્થર અને દેવ બંનેમાં કોઈ તફાવત જણાત નહિ."

મનુષ્ય, અને તેની સમસ્ત સૃષ્ટિ મિથ્યા આડંબરને આધીન છે, પરંતુ સદા માટે નહિ. પોતાના અનાજ્ઞાંકિતપણાને લઈને, મનુષ્ય પોતાને અને બીજા તમામ જીવોને આ મિથ્યા આડંબરની સ્થિતિમાં દુ:ખ અને કષ્ટમાં લાવ્યો. આ આત્મિક સંઘર્ષમાં જ તેની આત્મિક શક્તિનો સંપૂર્ણ વિકાસ થઈ શકે છે, અને આ સંઘર્ષ મારફતે જ તે પોતાની સંપૂર્ણતા માટેનો પાઠ શીખી શકે છે. આથી જ્યારે મનુષ્ય સ્વર્ગમાં સંપૂર્ણતાએ પહોંચે છે, ત્યારે આ પૃથ્વીનાં સંઘર્ષ અને પીડા માટે તે ઈશ્વરનો ઉપકાર માનશે, કારણ કે ત્યારે જ તેને

ભાન થશે કે, 'જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે.' (રૂમી. ૮ : ૨૮).

## પરમેશ્વરના પ્રેમનું પ્રકટીકરણ

એક સંતે કહ્યું, "સ્વર્ગના તમામ રહેવાસીઓ જાણે છે કે, પરમેશ્વર પ્રેમ છે, પરંતુ આ તથ્ય અનંતકાળ સુધી છૂપું રહ્યું હતું કે તેનો પ્રેમ એટલો અદ્‌ભુત હતો કે તે પાપીઓને બચાવવા મનુષ્ય-દેહ ધારણ કરશે, અને તેઓના ઉદ્ધારને માટે વધસ્તંભ ઉપર પોતાનો પ્રાણ આપશે. તેમણે આ પ્રમાણે દુઃખ વેઠયું જેથી મનુષ્ય અને તમામ સૃષ્ટિ જે મિથ્યા આડંબરને આધીન છે તેઓનો બચાવ કરી શકે. આ રીતે મનુષ્ય બનવામાં પરમેશ્વરે પોતાનું હૃદય પોતાના સંતોને બતાવ્યું છે, પરંતુ જો આ પ્રેમ પ્રદર્શન માટે બીજો કોઈ ઉપાય શોધ્યો હોત, તો તેનો પ્રેમ અપરિમિત પ્રેમ સદાને માટે છુપાયેલો જ રહેત.

સમસ્ત સૃષ્ટિ, આશાપૂર્ણ દૃષ્ટિથી પરમેશ્વરના સંતાનોની પ્રગટ થવાની રાહ જુએ છે, જ્યારે તેઓનો પુનરુદ્ધાર થશે, અને તેઓ મહિમા પ્રાપ્ત કરશે. પરંતુ હાલમાં તો તેઓ અને સમસ્ત સૃષ્ટિ જ્યાં સુધી નવી ઉત્પત્તિ આવે નહિ ત્યાં સુધી, નિસાસો નાખતાં પ્રસૂતિની વેદનાથી કષ્ટ ભોગવતા રહેશે. જેઓનો નવો જન્મ થયો છે તેઓ પણ પોતામાં નિસાસા નાંખશે, અને શરીરના ઉદ્ધારની રાહ જોતા રહેશે. તે સમય પાસે આવી રહ્યો છે, જ્યારે સમસ્ત સૃષ્ટિ દરેક બાબતમાં ઈશ્વરને આજ્ઞાધીન રહીને, દુષ્ટતામાંથી અને વ્યર્થ-પણામાંથી સદાને માટે છુટકારો પામશે, અને પછી અનંતકાળ સુધી તે પરમેશ્વરમાં આનંદિત રહેશે, અને જે હેતુ માટે તેનું સર્જન કરવામાં આવ્યું છે તે પોતામાં પૂર્ણ કરશે. 'પછી પરમેશ્વર જ સર્વમાં સર્વ હશે.'" (રૂમી. ૮ : ૧૮–૨૩).

દૂતોએ ઘણી બાબતો વિષે મારી સાથે ચર્ચા કરી, પરંતુ તેનું આલેખન કરવું શકય નથી; કારણ કે આ પૃથ્વીની કોઈપણ ભાષા કે ઉપમા દ્વારા હું એ ઊંડાં આત્મિક તત્ત્વોનું વર્ણન કરી શકું તેમ નથી. દૂતોએ પણ તેવી જ ઇચ્છા રાખી હતી કે, હું પણ તેનું વર્ણન કરવાની કોશિશ ન કરું, કારણ કે આત્મિક અનુભવ વગરની કોઈ વ્યક્તિ તે સમજી શકે તેમ નથી, અને આથી એવી બીક રહે છે કે, તેઓ મદદરૂપ બનવાને બદલે ગેરસમજ અને ભૂલનું કારણ બની જાય. એટલા માટે જ મેં અમારા વાર્તાલાપના બહુ થોડા અને સાદા બનાવો લખ્યા છે, અને એવી આશા રાખી છે કે, તે મારફતે ઘણાઓ માર્ગદર્શન અને ચેતવણી, શિક્ષણ અને દિલાસો પ્રાપ્ત કરે.

આ ઉપરાંત, એ સમય હવે બહુ દૂર નથી જ્યારે મારા વાચકો નવી સૃષ્ટિમાં પ્રવેશ કરશે, અને એ બધું પોતાની આંખે જોશે. પરંતુ સનાતન ઘેર જવા માટે જ્યારે આ પૃથ્વી સદાને માટે છોડી દઈએ તે અગાઉ આપણે ઈશ્વરકૃપાની સહાયથી, અને પ્રાર્થનાના આત્માથી, આપણને સોંપાયેલું કામ, સંપૂર્ણ વફાદારીથી પૂરું કરીએ. આમ વર્તીશું તો આપણા જીવનનો ઉદ્દેશ પૂરો કરીશું, અને કોઈપણ જાતના સંદેહની છાયા વગર આપણા આકાશમાંના બાપના રાજ્યના સદાકાળિક આનંદમાં પ્રવેશીશું.

★

## સાધુ સુંદર સિંગકૃત પુસ્તિકાઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | ગુરુને ચરણે | [જૂની કિંમતે] | ૧–૦૦ |
| ૨. | સાચું જીવન | ,, | ૧–૦૦ |
| ૩. | સાચું મોતી | ,, | ૧–૦૦ |

[ નવાં જ પ્રકાશનો ]

| | | | |
|---|---|---|---|
| ૪. | સત્યની શોધ | [પ્રથમ આવૃત્તિ] | ૨–૦૦ |
| ૫. | વાસ્તવિકતા તથા ધર્મ | ,, | ૨–૦૦ |
| ૬. | આત્મિક સંસાર | ,, | ૨–૦૦ |

[ ટૂંક સમયમાં બહાર પડશે ]

૭. ખ્રિસ્તસહિત અને ખ્રિસ્તરહિત

૮. આત્મિક જીવન

પ્રાપ્તિસ્થાન

ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ

[ગુજરાત ટ્રાકટ ઍન્ડ બૂક સોસાયટી]

સાહિત્ય સેવાસદન

એલિસબ્રિજ – અમદાવાદ. ૩૮૦૦૦૬

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ